## સુવિચાર

તમે ન બોલો હવે તમારા કાર્યને બોલવા દો.
નિરાશ ન બનો, તમારામાં શકિતનું સરોવર પડયું છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૬/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અષાઢ સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૧૬૬


## ખાંભાનાં પાટી ગામની સીમમાં ડબલ મર્ડરની ઘટના બની

# ખેડૂત માતા અને પુત્રની હત્યાની ઘટનાથી ચકચાર

**૯૫ વર્ષનાં વૃધ્ધા અને તેમના ૭૦ વર્ષીય પુત્રની અજાણ્યા શખ્સોએ હત્યા કરી**

**રાત્રિનાં સમયે તિક્ષ્ણ હથિયારો વડે હત્યારાઓએ માથા અને ગળાનાં ભાગે ઘા મારી મોતને અંજામ આપ્યો**

**૨ વર્ષ પહેલા પણ મૃતક વૃધ્ધાનાં અન્ય એક પુત્રની પણ હત્યા કરવામાં આવી હતી**

**બનાવની જાણ થતાં વિભાગીય પોલીસ અધિકારી હરેશ વોરા સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો**



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં ટૂંકા દિવસોમાં આઠ હત્યાના બનાવો બન્યા છે. જેમાં વધુ એક ડબલ મર્ડરની ઘટના અમરેલી જિલ્લાના ખાંભાના પાટી ગામની સીમમાં ઘટી હતી. જેમાં વયોવૃદ્ધ માતા અને પુત્રનું ઘાતક હથિયારો વડે કોઈ અજાણ્યા શખ્શો દ્વારા હત્યા કરી હત્યારા ફરાર થઈ ગયા હતાં. આ બનાવને લઈ અમરેલી એસ.પી. સહિતનો પોલીસ કાફલો ડબલ મર્ડરની હત્યાની ગૂથી ઉકેલવામાં લાગી ગયો છે.

આ બનાવમાં અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાના પાટી ગામની સીમમાં વાડી ખેતરોમાં બે લાશો ગંભીર હાલતમાં ઈજાઓ થયેલ હાલતમાં પડી હોવાની જાણ થતા અમરેલી એસ.પી. હિમકરસિંહ, નાયબ પોલીસ અધિક્ષક હરેશ વોરા, એલ.સી.બી., એસ.ઓ.જી. પોલીસ સહિત ૬ પોલીસ મથકોના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

### લીલીયા નજીક આવેલ

## સાંજણટીંબા ગામે વાડીએ સુતેલા યુવકને વીંછીએ દંશ મારતા મોત

**જમણા હાથની આંગળીમાં વીંછીએ માર્યો હતો દંશ**

અમરેલી, તા. ૨૭

મુળ મધ્યપ્રદેશનાં વતની અને હાલ લીલીયા તાલુકાનાં સાંજણટીંબા ગામે વાડી વિસ્તારમાં રહેતા આર્યન નરસિંહભાઈ મોરી

અનુસંધાન પાના ૬ ઉપર

### વાવણી કાર્ય દરમિયાન મેઘાવી માહોલ

## અમરેલી જિલ્લામાં હળવા ઝાંપટાથી લઈને પોણા બે ઈંચ વરસાદ

**લાઠીમાં પોણા બે ઈંચ : સાવરકુંડલામાં દોઢ ઈંચ**



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાનાં પાંચ જેટલાં તાલુકામાં હળવા ઝાંપટાથી લઈ અને પોણા બે ઈંચ જેટલો વરસાદ વરસી જતાં જગતાત વાવણી કાર્યમાં જોતરાયો છે. જયારે કાચા સોના સમાન વરસાદથી લોકોમાં પણ આનંદ છવાયો છે. આજે દિવસ દરમ્યાન અમરેલીમાં ૧ મી.મી., ધારી ૬ મી.મી., લાઠી ૪૨ મી.મી. જયારે સાવરકુંડલામાં ૩૭ મી.મી. વરસાદ પડયાનું ફલડ કંટ્રોલરૂમે જણાવ્યું હતું.

### એક હોસ્પિટલનાં રૂમમાં ઘુસી મરી જવાનું કહેનાર

## અંતે અસ્થિર મગજનાં એક યુવકનું ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસે રેસ્કયુ કર્યુ

**યુવકને રૂમમાંથી સલામત બહાર લાવવામાં આવ્યો**

અમરેલી, તા. ૨૭

અમરેલી શહેરની મધ્યમાં આવેલ એક હોસ્પિટલ ખાતે અસ્થિર મગજનો એક વ્યકિત એક બાથરૂમમાં ફસાઈ જઈ પોતે મરી જવાનો છું, તેવું કહી લોકોને ડરાવી એક દરવાજો બંધ કરી અંદરની સાઈડ પુરાઈ ગયેલ હતો. જેની ટેલીફોનિક જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમમાં



કરતા ફાયર ઓફિસ એચ.સી. ગઢવીની રાહબારી હેઠળ ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી હતી અને ફિલ્મી ઢબે દ્રશ્યો રેસ્કયુ કરી ખૂબ જ ખંત પૂર્વક સમગ્ર રેસ્કયુને પાર પાડી માણસને જીવિત બહાર કાઢી અને હોસ્પિટલ સ્ટાફ અને પરિવારજનોને સુપરત સોંપવામાં આવ્યા હતા.

### પાડરશીંગાનાં કિસાન અગ્રણીની માંગ

## અમરેલી જિલ્લા સહિત રાજયનાં ખેડૂતોને કપાસનો પોષણક્ષમ ભાવ આપો

**જનપ્રતિનિધિઓ પણ ખેડૂતોની મદદ કરતા નથી**

દામનગર, તા. ૨૭

કિસાનોને જયારે ઉત્પાદિત જણસોનું બજારમાં વેંચાણમા આવે ત્યારે ટેકાના ભાવ સરકાર નક્કી કરતી હોય છે. જયારે જાહેરાત કરવામાં આવે ત્યારે કિસાનોને રજીસ્ટ્રેશનની લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હોય છે. કિસાનને 'ધરતીપુત્ર' કહેવામાં આવે છે.

એક સૂત્ર છે. 'જય જવાન– જય કિસાન' જવાનો દેશના લોકોની રક્ષા માટે સરહદ પર ફરજ બજાવતા હોય છે. જયારે કિસાનો રાત –દિવસ મહેનત કરીને ખેતરમાં ઉગતી જણસોને



પોતાના ઘરે કે ગોડાઉનમાં લાવે અથવા વાડીએથી સીધા સોદા થયા હોય તે મુજબ વેપારીઓ કે સહકારી

અનુસંધાન પાના ૬ ઉપર









### પ.પૂ. ઉષામૈયાની પ્રેરક ઉપસ્થિતિમાં

## અમરેલી ખાતે માનસિક ક્ષતિ ધરાવતી દીકરીઓનાં હિતાર્થે છાત્રાલયનો પ્રારંભ

**નાયબ દંડક કૌશિક વેકરિયા પણ ઉપસ્થિત રહ્યાં**

અમરેલી, તા. ૨૭

પ.પૂ. શ્રી ઉષામૈયાની પ્રેરક અને પાવન ઉપસ્થિતિમાં તેમના વરદ્ હસ્તે ચંપાબેન આણંદજી મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ, મહિલા અંધશાળા– મણીનગરનાં મકાનમાં આ છાત્રાલયનો શુભારંભ થયો છે. અમરેલીનાં યુવા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા દ્વારા દીપપ્રાગટય થયું હતું.

સંસ્થાનાં પ્રમુખ દિલીપભાઈ પરીખનાં શુભ સંકલ્પ અને સખત પરિશ્રમથી માનસિક ક્ષતિ ધરાવતી દીકરીઓ માટે અમરેલીમાં આ સેવાયજ્ઞ શરૂ થયો છે. પ.પૂ. શ્રી ઉષામૈયાએ હનુમાન ચાલીસાનો પાઠ કરાવી અંતઃકરણનાં આશિષ આપીને સંસ્થાને આ સેવા–કાર્ય માટે ૨૫૦૦૦/– રૂા.ની પ્રસાદી ભેટ આપી



હતી અને ભાઈ દિલીપભાઈ પરીખને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

જીતુભાઈ ગોળવાળા, બીપીનભાઈ માધવાણી, વસંતભાઈ પોકળ, સુરેશભાઈ ગોટી, ભુપેન્દ્રભાઈ સંપટ, પિન્ટુભાઈ કોટેચા, એમ.કે. સાવલીયા, દીપકભાઈ ગાંગડીયા, ભરતભાઈ ગોર, સુરેશભાઈ શેખવા, મુકેશભાઈ ગોળવાળા, તાજેતરમાં આવેલ દાન અજય નરસાણા(મુંબઈ) ૧૦૦૦૦૦/– એક લાખ રૂપિયા,

અનુસંધાન પાના ૬ ઉપર




## રાજય અને દેશનાં બોર્ડ–નિગમોમાં મોટાભાગે અધિકારીઓને જ નિમણૂંક મળતી હોવાથી

# ભાજપનાં કાર્યકર્તાઓ માટે ''ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આંટો'' કહેવત સાર્થક

**અમરેલી જિલ્લા સહિત દેશભરનાં લાખો કાર્યકર્તાઓએ પક્ષને સર્વોચ્ચ સ્થાને પહોંચાડી દીધો અને ફાયદો અધિકારીઓને**

**ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષમાં તમામ બોર્ડ–નિગમોમાં અનેક જગ્યાઓ ખાલી હોય કાર્યકર્તાને લાભ મળતો નથી**

**પક્ષનાં કાર્યકર્તાઓ નિરાશ થયા વગર દિવસ–રાત હજુ પણ પક્ષને વધુને વધુ મજબૂત કરવાનાં કામે વળગી રહ્યાં છે**

**કોઈ ચૂંટણી આવે એટલે કાર્યકર્તાઓ પાસેથી બોર્ડ–નિગમ માટે બાયોડેટા મંગાવવામાં આવે બાદમાં કોઈ નિમણૂંક થતી નથી**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા સહિત રાજય અને દેશનાં ભાજપનાં કરોડો કાર્યકર્તાઓએ દિવસ–રાત એક કરીને તેમના વ્હાલાસોયા ભાજપને સત્તાનાં સર્વોચ્ચ સ્થાને પહોંચાડયા બાદ માત્ર ગણતરીનાં કાર્યકર્તાઓ અને આગેવાનોને તેમની આવડતનાં આધારે મહત્વની જગ્યાએ જવાબદારી સોંપવામાં આવી છે. અને મોટાભાગનાં નિષ્ઠાવાન, હોંશિયાર, વહીવટી આવડત ધરાવનાર સમાજમાં શ્રેષ્ઠ સ્થાન હોવા છતાં પણ તેઓને કોઈ મહત્વની જવાબદારી મળતી નથી અને ફરજ પરના નિવૃત થતાં અધિકારીને બોર્ડ–નિગમની જવાબદારી સોંપાતી હોય કાર્યકરો ખાનગીમાં નિરાશા અનુભવતા જોવા મળી રહ્યાં છે.

ગુજરાતમાં સ્વ. કેશુભાઈ પટેલનાં કાર્યકાળમાં ભાજપનાં મહત્વના અનેક આગેવાનોને બોર્ડ–નિગમના ચેરમેન કે ડાયરેકટરપદ મળતું હતું. પરંતુ, છેલ્લા ૨૦ વર્ષમાં બોર્ડ–નિગમમાં બે–ચાર આગેવાનોને સ્થાન મળેલ છે. બાકીના મોટી સંખ્યાની જગ્યા ખાલી છે. અથવા તો ફરજ પરના કે નિવૃત્ત અધિકારીને જવાબદારી સોંપવામાં આવતાં શિસ્તનાં નામે કાર્યકરો કે આગેવાનો ચૂપચાપ રીતે અન્યાય સહન કરી રહ્યાં છે.

## અમરેલીનાં કોંગી આગેવાનોએ નવનિયુકત પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલને શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયા, કોંગી અગ્રણી રફીકભાઈ મોગલ અને નરેશ અધ્યારૂએ અમદાવાદ ખાતે પ્રદેશ કોંગ્રેસનાં નવનિયુકત પ્રમુખ શકિતસિંહ ગોહિલને શુભેચ્છા મુલાકાત લઈને અમરેલી જિલ્લામાં પધારવા આમંત્રણ પાઠવેલ હતું.

### તાજેતરમાં ૨ દિવસીય કાર્યક્રમ યોજાયો


## અમરેલી જિલ્લા હોમગાર્ડ દળના જવાનોના પ્રમોશન અને બઢતી માટે રેન્ક ટેસ્ટ યોજાયો

**સમગ્ર જીલ્લામાંથી હોમગાર્ડ જવાનોએ ઉત્સાહપૂર્વક બે દિવસ પરીક્ષા આપી**

અમરેલી, તા. ૨૭

અમરેલી જીલ્લા હોમગાર્ડઝ દળ આયોજીત હોમગાર્ડ જવાનોના પ્રમોશન અને બઢતી માટે એન.સી.ઓ. રેન્ક ટેસ્ટનું તારીખ ૨૪ અને ૨૫ જૂન બે દિવસ સુધી અમરેલી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

હોમગાર્ડ જવાનોએ રાજયક્ષાના બેઝિક, એડવાન્સ અને લીડરશીપના ૧૨ થી૧૫ દિવસના કેમ્પોમાં ટ્રેનિંગ માટે મોકલવામાં આવતા હોય છે જે જવાનોએ કેમ્પ કરેલ હોય તેમને રેન્ક પ્રમોશન આપવામાં આવતું હોય છે. જેમાં નિયત લાયકાત અને બંદોબસ્ત, ફરજો તથા પરેડની હાજરી અને સર્ટિફિકેટોના જોઈને જીલ્લાની પસંદગી કમિટી દ્વારા ઉમેદવારો નક્કી કરવામાં આવે છે.



આ બે દીવસીય પરીક્ષામાં મેદાની, લાઠી, રાયફલ, પદ કવાયત, શિસ્ત, ડ્રેસ ટનઆઉટ, બેદ્ધિક તથા લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં અમરેલી જીલ્લાના ચલાલા, ડેડાણ, ડુંગર, અમરેલી, લીલીયા, સાવરકુંડલા સહિતના સમગ્ર જિલ્લામાંથી લાયક જવાનોની પરીક્ષા યોજાઈ હતી. આ તકે અમરેલી જીલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ અશોક જોષી ગુજરાત રાજય હોમગાર્ડ વડી કચેરી અમદાવાદના પ્રતિનિધિ કે.આર. અવસ્થી, સ્ટાફ ઓફિસર લીગલ હંસાબેન મંકાણી, સ્ટાફ ઓફિસર જનસંપર્ક અમિતગીરી ગોસ્વામી, હેડ કલાર્ક કે.જે. ગોહિલ, ઓફિસર કમાન્ડિંગ સાવજ, તુષાર જોષી, શરદ સાપરિયા તથા પ્રદિપ પીલુકિયા, મારવાડી વગેરે અમરેલી જીલ્લાના હોમગાર્ડ અધિકારીઓ ઉપસ્થિત રહી રેન્ક ટેસ્ટ પરીક્ષા લેવામાં આવી હતી.

હોમગાર્ડ માનદદળના જવાનોને પ્રમોશન મળે અને ઉત્સાહ જળવાઈ રહે તેમનું મોરલ અપ થાય તે હેતુસર વડી કચેરીના માર્ગદર્શન સૂચના અન્વયે રેન્ક ટેસ્ટનું આયોજન અમરેલી ખાતે કરવામાં આવ્યું હતું. આ તકે જીલ્લાના સાંસદ સભ્ય નારાયણભાઈ ઉપસ્થિત રહી જવાનોને શુભકામનાઓ પાઠવી હતી.

આ તકે ગુજરાત રાજય હોમગાર્ડ વડી કચેરીના પ્રતિનિધિ કે.આર. અવસ્થીનું પબ્લિક રિલેશન ઓફિસર અમિતગીરી દ્વારા સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

### જાફરાબાદ નજીક આવેલ

## બાબરકોટ ગામે ખાનગી કંપનીની જગ્યામાંથી જનરેટર તથા લાઈટની ચોરી

**રૂા. ૧.૬૦ લાખનાં મુદ્દામાલની ચોરીની ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૭

જાફરાબાદ તાલુકાનાં બાબરકોટ ગામનાં માઈન્સમાં અલ્ટ્રાટેક કંપનીની ખુલ્લી જગ્યામાં રાખેલ ૧૦ હોર્સ પાવરનું જનરેટર કિંમત રૂા. ૧.૨૦ લાખ તથા ચાર ફોકસ લાઈટ કિંમત રૂા. ૪૦ હજાર મળી કુલ રૂા. ૧.૬૦ લાખનો મુદામાલ કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ જાફરાબાદ મરીન પોલીસમાં નોંધાઈ છે.

### સ્વ. કેશુભાઈ જોષીની પુણ્યતિથિ નિમિત્તે

## ધારી ખાતે આગામી શુક્રવારે રકતદાન કેમ્પ યોજાશે

**રકતદાતાઓને રકતદાન કરવા અનુરોધ**

ધારી, તા. ૨૭

ધારીનાં પૂર્વ સભાપતિ સ્વ. કેશુભાઈ જોષીની ૨૪મી પુણ્યતિથિ નિમિત્તે રકતદાન કેમ્પનું આયોજન જોી પરિવાર અને ધારીની જુદી જુદી અનેક સેવાકીય સંસ્થાઓ દ્વારા કરેલ હોય સર્વે ધારી વાસીઓને તેમજ આજુબાજુનાં ગ્રામ્ય વિસ્તારનાં લોકોએ રકતદાન કરી આ આરોગ્ય સેવા યજ્ઞમાં આહુતિ આપવા જણાવાયું છે. રકતદાન કેમ્પ : તા.૩૦/૬/૨૩ ને શુક્રવાર, સ્થળ : લોહાણા મહાજન વાડી, રેલ્વે સ્ટેશન પાસે ધારી. સમય : સવારે ૮:૩૦ થી



૧ વાગ્યા સુધી.

તો આવો સૌ આ મહામૂલા આરોગ્ય યજ્ઞમાં આપણે સૌ રકતદાન કરીએ.

## બગસરા પોલીસે અન્યાયનો ભોગ બનનાર મહિલાની જરૂરી મદદ કરી

બગસરા, તા. ૨૭

બગસરા પોલીસ સ્ટેશનમાં આજથી ત્રણ દિવસ પહેલા સાંજના સમયે દયાબેન રાઠોડ નામના એક મહિલા દ્વારા પોલીસ તેમની ફરિયાદ લેતી ન હોય, આરોપીઓની ધરપકડ કરતી ન હોય તેવું કહીને દવા પીધી હતી ત્યારબાદ વિસાવદર પોલીસ સ્ટેશનમાં પણ અનેકવાર આ દયાબેન રાઠોડ અને તેના સગા ફરિયાદ લખવા માટે ગયા હતા પણ ત્યાંની પોલીસ દ્વારા ફરિયાદ લેવામાં ન આવી હતી. ત્યારબાદ બગસરા પોલીસ દ્વારા ઝીણવટ ભરી તપાસ કરી અને બગસરા પોલીસ સ્ટેશનના પી.આઈ. ગીડા દ્વારા જીરોમાં ફરિયાદ લઈને એન્ટ્રી પાડી ફરિયાદ લઈ લીધી હતી. બગસરા પોલીસ સ્ટેશનના પી.આઈ. તથા પોલીસ સ્ટાફ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી. પરંતુ ૧૮૧ દ્વારા આ કેસમાં કોઈ ભૂમિકા નથી. વધુ પડતી મદદ બગસરા પોલીસ સ્ટેશનના પી.આઈ. તથા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. બગસરા તાલુકાના ગામના વતની દયાબેન રાઠોડ જે તેમનું પિયર છે. તેમણે પણ મીડિયાને જણાવેલ છે કે અમારી મદદ બગસરા પોલીસ સ્ટેશનના પી.આઈ. તથા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી જે હકીકત આ છે. જે મીડિયા સમક્ષ જણાવેલ હતું.


### સ્વ. આર.ડી. ઝાલાનાં સ્મરણાર્થે

## ધારી ખાતે આવતીકાલે વિનામુલ્યે નિદાન અને આયુર્વેદ દવાનો કેમ્પ યોજાશે

**વધુ વિગત માટે જીતુભાઇ સંઘરાજકાનો સંપર્ક કરો**

અમરેલી, તા. ૨૭

ધારી ખાતે ગુરૂવારે સ્વ. આર.ડી. ઝાલાનાં સ્મરણાર્થે ચાંપરડા બ્રહ્માનંદધામનાં પૂ. મુકતાનંદ બાપુની પ્રેરણાથી ચાલતા નેચરોપેથી અને આયુર્વેદ વિભાગના નિષ્ણાંતોની ટીમ દ્વારા



વિનામુલ્યે નિદાન કેમ્પનું આયોજન જૈન ઉપાશ્રય ખાતે કરવામાં આવેલ છે.

વધુ જાણકારી માટે જીતુભાઈ સંઘરાજકા અને પત્રકાર અરવિંદ દવેનો સંપર્ક કરવા જણાવાયું છે.

### પ્રદેશ મંત્રી મનિષ સિધ્ધપુરા અને મનોજ વાળાનાં માર્ગદર્શન તળે

## અમરેલી ખાતે નાયબ દંડકની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રીનાં ''મન કી બાત'' કાર્યક્રમનું શ્રવણ

**મોટી સંખ્યામાં ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં**

અમરેલી, તા. ૨૭


અમરેલી ખાતે નરેન્દ્ર મોદી વિચારમંચ મુખ્ય શાખાનાં અધ્યક્ષ જયદીપભાઈ નાકરાણી તેમજ યુવાશાખાનાં અધ્યક્ષ દિનેશભાઈ કનાડીયાની સમગ્ર ટીમ દ્વારા અમરેલી કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલ ખાતે ''મન કી બાત'' કાર્યક્રમ સૌ સાથે મળી માણી શકે તેવું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાની સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિતિ રહી. અમરેલી જિલ્લા ભાજપનાં ઉપાધ્યક્ષ રામભાઈ સાનેપરા, કાળુભાઈ વાળા, અશ્વિનગીરી ગોસાઈ, શશાંક મહાજન, મહેન્દ્રભાઈ દેસાઈ, પીન્ટુભાઈ કુરૂન્દલે, મયુરભાઈ ગોરખીયા, બોદરભાઈ, ભીખાભાઈ વાડિયા, આશિષભાઈ અકબરી, અલ્કાબેન ગોંડલીયા, નીકુબેન પંડયા, પ્રિયંકાબેન પટેલ સહિતનાં મહાનુભાવો સાથે ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રધાનમંત્રીનું પ્રેરક



માર્ગદર્શન મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમની સુંદર વ્યવસ્થા પ્રશાંત પરમાર, સચિન કવા અને હાર્દિક ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

# અમરેલી ખાતે ગજેરા સ્કૂલમાં ડી.એલ.એસ.એસ.દિનની ઉજવણી









વધુમાં વધુ બાળકો રમત–ગમતમાં ભાગ લઈ દેશનું નામ રોશન કરે તે માટે પ્લેટફોર્મ પુરૂં પાડવું એજ સર્વોત્તમ શિક્ષણનો ભાગ છે. વસંતભાઈ ગજેરા. અમરેલી તા. ૨૩ અને ૨૪ જૂન એમ બે દિવસ દરમ્યાન શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતિ ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલનાં વિદ્યાર્થીઓ સંસ્થામાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત અને અમરેલી જિલ્લા વિદ્યાસભાનાં સંયુકત ઉપક્રમે કાર્યરત જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં વિશ્વ ઓલ્મપિક દિવસ, હેન્ડબોલ દિવસ સાથે ડી.એલ.એસ.એસ. દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં રાજયકક્ષાએ મેડલ પ્રાપ્ત કરેલ અને નેશનલ કક્ષાએ મેડલ પ્રાપ્ત કરેલ ૩૪ ખેલાડીઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા, નોંધનીય છે કે રાજયમાં કુલ–૪૧ ડી.એલ.એસ.એસ. કાર્યરત છે. જેમાં અમરેલી જિલ્લા વિદ્યાસભા ડી.એલ.એસ.એસ. ગુજરાતભરમાં ટોપ–૩માં સ્થાન ધરાવે છે. ડી.એલ.એસ.એસ. ડે ઉજવણીમાં પ્રથમ દિવસે ઓપનિંગ સેરેમની તેમજ ડી.એલ.એસ.એસ. યોજના અંતર્ગત મળતા લાભ અંગે માહિતી આપવામાં આવી. બીજા દિવસે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઈન–સ્કૂલ યોજના અંતર્ગત નિયમિત ટ્રેનિંગ મેળવી મેડલ પ્રાપ્ત કરે તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને તેજ દિવસે ઈન–સ્કૂલ માટે સિલેકશન પણ કરવામાં આવ્યું હતું. ડી.એલ.એસ.એસ. દિવસમાં મુખ્ય મહેમાન તરીકે પ્રાંત અધિકારી દેસાઈ, જિલ્લા પંચાયત સમિતિનાં પ્રમુખ જીતુભાઈ ડેર, લાયન્સ કલબ રોયલનાં પ્રમુખ દિવ્યેશભાઈ તેમજ સંજભાઈ, કોરાટભાઈ, હિન્દુ પરિષદ અમરેલીનાં પ્રમુખ ધર્મેશભાઈ, જિલ્લા રમત વિકાસ અધિકારી પુનમબેન ફુમકીયા, સંસ્થાનાં ચતુરભાઈ ખૂંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા દિપપ્રાગટય કરી ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યાં. ડી.એલ.એસ.એસ. સ્ટાફ, સુપરવાઈઝરો, પ્રિન્સીપાલો તેમજ સ્ટાફગણ ઉપસ્થિત રહ્યાં હતા. આ તકે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ટ્રસ્ટીઓ, કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલ, ડાયરેકટર પેથાણી દ્વારા તમામ સ્ટાફ–સ્ટુડન્ટસને આયોજનમાં કામગીરી કરનારને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ખેલાડીઓને હોકી, હેન્ડબોલ, શુટીંગ, જૂડો, એથ્લેટિકસ, સ્વીમીંગ સ્પર્ધાઓનું આયોજન કરેલ તે નિહાળી મહેમાનો દ્વારા સંસ્થામાં અપાતી સ્પોર્ટસ પ્રેકટીસથી ખૂબ જ આનંદિત થયા હતા.

## ભોજલીયા હનુમાન મંદિર આસપાસનાં ખેડૂતોની મુશ્કેલી વધી

# અમરેલીથી ચકકરગઢ માર્ગને લઈને ખેડૂતોમાં નારાજગી

**તાજેતરમાં જનતાનાં પરસેવાથી બનાવાતા માર્ગ માટે માર્ગની બાજુમાં રહેલી માટી ઉપાડવા ૧૦ ફૂટની નહેર ખોદી નખાઈ**

**માર્ગ બનાવવામાં બાંધકામ એજન્સી સરકારી જમીનની માટીનો ઉપયોગ કરતી હોય આશ્ચર્ય ફેલાયું**

**તાજેતરમાં પડેલ વરસાદથી ખેડૂતોને ખેતરમાં કેવી રીતે જવું તેવો પ્રશ્ન ઉપસ્થિત થયો**

**ખેડૂતોએ મોટી સંખ્યામાં એકત્ર થઈને રોષભેર કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાય આપવા માંગ કરી**






અમરેલી, તા. ૨૭

એક તરફ "જય જવાન, જય કિસાન" જેવા નારાઓ ગુંજી રહ્યાં છે અને બીજી તરફ કૃષિ પ્રધાન ભારત દેશમાં ખેડૂતોનો અવાજ કોઈ સાંભળવા તૈયાર નથી. જગતનું પેટ ભરીને જગતાત કહેવાતો ખેડૂત પોતાનાં પરિવારજનોનું પેટ ભરવા માટે પણ ભારે સંઘર્ષ કરી રહ્યો છે અને ખેડૂતોને કોઈ મુશ્કેલી ન પડે તેની આગોતરી કાળજી અધિકારીઓ કે પદાધિકારીઓ લેતા નથી. પરંતુ ખેડૂતોને ખેતીકાર્ય પડતા મુકીને ન્યાય માટે સરકારી કચેરીમાં ધકકા ખાવા પડે અને ખેડૂત પુત્રનાં નામે નેતા બનતા આગેવાનો શોભાના ગાંઠીયા સમાન સાબિત થતાં જોવા મળે છે.

અમરેલીનાં ચકકરગઢ ગામ તરફનો માર્ગ જનતાનાં પરસેવાનાં પૈસાથી બની રહ્યો છે અને માર્ગ બનાવવા માટે જરૂરી માટી બાંધકામ એજન્સીએ માર્ગની બગલમાં નહેર બનાવીને ઉપાડી લેતા ખેતરમાં જવાનો માર્ગ બંધ થતાં આજે ખેડૂતોએ કલેકટરને આવેદનપત્ર પાઠવીને ખેતરમાં જવાનો માર્ગ બનાવી આપવાની માંગ કરી છે.

ખેડૂતોએ જણાવેલ છે કે, હાલમાં ખેતીકાર્ય શરૂ હોય ખેતરમાં માલઢોર લઈને કેવી રીતે જવું તે પ્રશ્ન ઉપસ્થિત થયો છે. માર્ગ બને તેનો વાંધો નહી પરંતુ માર્ગ બનાવવા માટે માટી ઉપાડીને ખેતરનાં માર્ગે નહેર બનાવે તો કેવી રીતે ખેતરમાં જવું. આથી તેઓએ કલેકટરને આવેદનપત્ર પાઠવીને માર્ગની વ્યવસ્થા કરી આપવા માંગ કરેલ છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૧૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી — ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


## શાંતાબા જનરલ હોસ્પિટલના પટાંગણમાં

# અમરેલી ખાતે શ્રીમતિ એસ.એચ. ગજેરા શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરાયું

**વિદ્યાર્થીઓ દર જન્મદિને વૃક્ષારોપણ કરશે**

અમરેલી, તા. ૨૭

અમરેલી શાંતાબા જનરલ હોસ્પિટલનાં પટાંગણમાં શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા ઉચ્ચતર માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું. વૃક્ષારોપણ કરતા વિદ્યાર્થીઓએ વૃક્ષોનું જતન કરવાનો સંકલ્પ કર્યો અને દર વર્ષે પોતાના જન્મદિવસ નિમિત્તે વૃક્ષો વાવી જન્મદિવસ ઉજવવાનો નિર્ધાર કર્યો હતો.



વૃક્ષારોપણ કાર્યક્રમમાં અશોકભાઈ ગજેરા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. સાથે મંત્રી ચતુરભાઈ ખૂંટ, સ્કૂલ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, વિપુલભાઈ સાવલીયા, જૈમિનભાઈ ધડુક, ભાવેશભાઈ ગજેરા, શૈલેષભાઈ તેમજ હોસ્પિટલ–મેડિકલ કોલેજમાંથી ભરતભાઈ ધડુક, દિનેશભાઈ કાપડીયા વગેરે સુપરવાઈઝરો, સ્ટાફગણ ઉપસ્થિત રહ્યાં હતા.

નોંધનીય છે કે આગામી સમયમાં શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા અને શ્રીમતિ ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલનાં વિદ્યાર્થીઓ દ્વારા ૫૦૦૦ થી ૭૦૦૦ વૃક્ષો અલગ અલગ જગ્યાએ વાવી જે તે આજુબાજુનાં વિસ્તારનાં લોકોને ઝાડ ઉછેરવા અંગે આગ્રહ ભરી વિનંતી સાથે અમરેલીને હરિયાળુ કરવાનું બિડુ ઝડપેલ છે. જેમાં સફતા મળે તે માટે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ, ટ્રસ્ટીઓ, કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલ તેમજ સંસ્થા સાથે જોડાયેલ તમામ સ્ટાફ અને સ્ટુડન્ટસને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવેલ છે. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

# બાબરામાં બકરી ઈદના તહેવારના લઈ શાંતિ સુલેહની બેઠક યોજાઇ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

બાબરામાં બકરી ઈદના તહેવારોને લઈ બાબરામાં પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ ડી.બી. મજેઠીયા દ્વારા શાંતિ સુલેહની એક બેઠક બોલાવી હતી. જેમાં બાબરા શહેરના ચેમ્બરના અગ્રણીઓ, સામાજિક અને રાજકીય અગ્રણીઓ અને હિન્દૂ–મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આગામી તા ૨૯/૬ને ગુરૂવારના રોજ મુસ્લિમ સમાજના બકરી ઈદના તહેવારને કોમી એકતા અને ભાયચારાની લાગણી સાથે ઉજવણી કરવામાં આવે તેવી અપીલ સ્થાનિક પીએસઆઈ દ્વારા કરવામાં આવી હતી.


**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત

**નૂતન કોમર્સ કોલેજ–અમરેલી**

DMLT, B.Com, M.Com માં પ્રવેશ કાર્ય ચાલુ છે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો...



DMLT | B.Com | M.Com

પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક કરવો

DMLT, B.Com, M.Com

જીલ્લા પંચાયત રોડ, એસ.ટી. ડેપો પાસે, રેમન્ડના શો-રૂમ સામે, અમરેલી.

ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૦૧ ▪ મો.નં. ૯૪૨૬૨ ૧૪૪૮૯


# રાજકોટનાં નીલ અને વ્રીત્તીકા દ્વારા 'જળ બચાવો' અભિયાનની સુંદર કામગીરી

રાજકોટ, તા. ૨૭

રાજકોટમાં છેલ્લા ૪.૫ થી ૫ વર્ષથી ભણવાની સાથે સાથે વોટર સેવિંગ્સ પ્રોજેકટ પર કામ કરતા નીલ અને વ્રીત્તીકાનું સૂચન છે કે જેનાં ઘરમાં રૈન વોટર હાર્વેસ્ટિંગ(વરસાદી પાણી જમીનમાં, બોરમાં, ઉતારવાની પધ્ધતિ) સિસ્ટમ ના હોય તો આ ડ્રોઈંગ મુજબ ઈન્સ્ટોલ કરી લઈએ. આથી સારું ચોમાસુ જતાં તળ સાજા રહે અને પાણીની તકલીફ ના રહે. ૧ ઈંચ વરસાદ પડે અને ૧૨૦ વારનું મકાન હોય તો ૪૦૦૦ થી ૫૦૦૦ લિટર પાણી બચશે.

તાજેતરમાં નીલ અને વ્રીત્તીકા એ ગુજરાતનાં સી.એમ. ભુપેન્દ્રભાઈ પટેલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાની શુભેચ્છા મુલાકાત લીધેલી અને તેમને શુભેચ્છા સંદેશ અને પ્રમાણપત્ર પણ મળેલા છે. આ માટે બંને બાળકો ધારાસભ્ય દર્શિતાબેન શાહ અને ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાનો આભાર માને છે. છેલ્લા ૬ મહિનાથી નીલ અને વ્રીત્તીકા નાના પ્લાન્ટ્સ પર પણ સંશોધન કરતા ૧ મેજીક કુંડુ બનાવેલ છે. આ કુંડું અંતરિયાળ વિસ્તારોમાં અને કીચેન ગાર્ડનીંગમાં તે ખુબ ઉપયોગી થશે. એક વખત પાણી આપ્યા પછી એને ૧૦ થી ૧૨ દિવસ સુધી પાણી ન આપવું પડે. તે કુંડુ કોઈને જોઈએ તો ૯૩૧૬૦ ૭૯૯૭૧ પરથી મેળવી શકાશે.

આપણે વરસાદી પાણી બચાવીશું એ પણ એક જાતની દેશસેવા છે એવું નીલ અને વ્રીતીકાનું માનવું છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫

**પ્રવેશની ઉત્તમ તક...**

ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

www.mdscollege.org














### ટામેટાનો ભાવ થયો ૧૦૦ રૂપિયાને પાર

# આદુ, કોથમીરના ભાવમાં તોતિંગ વધારો, ગૃહિણીઓ ત્રાહિમામ

## આદુનો ભાવ હોલસેલ માર્કેટમાં ૧૬૦ થી ૧૭૦ રૂપિયા કિલો છે, રિટેઇલમાં આદુનો ભાવ રૂ. ૨૪૦ થી ૩૦૦ સુધી પહોંચ્યો છે

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ સહિત રાજ્યમાં ચોમાસાનું વિધિવત આગમન થઈ ગયું છે. આ દરમિયાન શાકમાર્કેટમાં આદુ, લીલા મરચા અને કોથમીરના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. હોલસેલ માર્કેટમાં બેંગ્લોરી આદુનો ભાવ ૨૦૦ થી ૨૨૦ રૂપિયા કિલો પહોંચ્યો છે, જ્યારે સતારા આદુનો ભાવ હોલસેલ માર્કેટમાં ૧૬૦ થી ૧૭૦ રૂપિયા કિલો છે. રિટેઇલમાં આદુનો ભાવ રૂ. ૨૪૦ થી ૩૦૦ સુધી પહોંચ્યો છે. લીલા તીખા મરચાનો ભાવ હોલસેલ માર્કેટમાં સૌથી ઊંચો નોધાયો છે.

હોલસેલ માર્કેટમાં લીલા તીખા મરચા નો ભાવ ૧૦૦ જ્યારે રિટેઇલ માર્કેટમાં ૧૫૦ સુધી પહોંચ્યો છે. કોથમીરનો ભાવ પણ પ્રતિ કિલો રૂ ૮૦ થી ૧૦૦ સુધી પહોંચ્યો છે. જેના ટામેટા બાદ આદુ, કોથમીર, મરચાના ભાવમાં વધારો થતાં ગૃહિણીઓ પરેશાન થઈ ઉઠી છે. ગરમ હવામાનની અસર હવે સામાન્ય લોકોના ખિસ્સા પર પણ જોવા મળી રહી છે. છેલ્લા અઠવાડિયા દરમિયાન દેશના ઘણા ભાગોમાં ટામેટાંના ભાવ બમણા થઈ ગયા છે.

છૂટક બજારમાં ટામેટાના ભાવ ૮૦ રૂપિયાથી વધીને ૧૨૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા હતા. બીજી તરફ ટામેટાના જથ્થાબંધ ભાવ ૩૦-૩૫ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૬૫-૭૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે. ટામેટાંના ભાવમાં રેકોર્ડ વધારો અનેક કારણોસર થયો છે. જો કે, આ વધારો મુખ્યત્વે અતિશય ગરમી, વિલંબિત વરસાદ અને ખેડૂતોની ખેતી કરવામાં ઓછી રસને કારણે થયો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે મે મહિનામાં ટામેટાના ભાવ ઘટીને રૂ.૩-૫ પ્રતિ કિલો થયા હતા, જેમ કે વધુ ગરમી, મોડા વરસાદ અને પાક ઉગાડવામાં ખેડૂતોમાં રસનો અભાવ જેવા અનેક પરિબળોને કારણે. દિલ્હીના આઝાદપુર જથ્થાબંધ બજારના ટામેટાના વેપારી અશોક ગણોરે જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસમાં ટામેટાંના ભાવ બમણા થઈ ગયા છે. હરિયાણા અને ઉત્તર પ્રદેશ જેવા પડોશી રાજ્યોમાંથી ટામેટાંનો પુરવઠો ઓછો થયો છે.

હવે અમે બેંગ્લોરથી ટામેટાં લઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે તાજેતરના વરસાદ દરમિયાન જમીન પરના ટામેટાના છોડને નુકસાન થયું છે. ટામેટામાં નુકસાનને કારણે ખેડૂતોએ પણ આ પાકની કાળજી લેવાનું બંધ કરી દીધું છે. અમદાવાદમાં પણ ટામેટાનો ભાવ પ્રતિ કિલોએ ૮૦ -૧૦૦ રૂપિયાએ પહોંચી ગયો છે.

### બેંકિંગ સેક્ટરના શેરમાં ભારે ખરીદી જોવા મળી

# બેંકિંગ, ફાઇનાન્શિયલ સેક્ટરમાં ભારે ખરીદી, સેન્સેક્સ ૪૪૬ પોઇન્ટના ઉછાળા સાથે બંધ

## સેન્સેક્સ પર એસબીઆઇ, એચડીએફસી, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા બેંકના શેર સૌથી વધુ ઉછાળા સાથે બંધ થયા

મુંબઈ, તા.૨૭

સ્થાનિક શેરબજારમાં આજે બપોરે જબરદસ્ત ખરીદી જોવા મળી હતી. બીએસઈસેન્સેક્સ ૪૪૬.૦૩ પોઈન્ટ એટલે કે ૦.૭૧ ટકાના વધારા સાથે ૬૩,૪૧૬.૦૩ પોઈન્ટના સ્તર પર બંધ થયો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૧૨૬.૨૦ પોઈન્ટ્સ અથવા ૦.૬૮%ના વધારા સાથે ૧૮,૮૧૭.૪૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. નિફ્ટી પર એચડીએફસીલાઈફ શેરનો ભાવ સૌથી વધુ ૫.૫૦ ટકાના વધારા સાથે બંધ થયો હતો.

આજે સેન્સેક્સ પર બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રના શેરોએ મજબૂતી દર્શાવી હતી. આજના ટોપ ગેઈનર્સ વિશે વાત કરીએ તો સેન્સેક્સ પર એસબીઆઈ, એચડીએફસી, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા બેંકના શેર સૌથી વધુ ઉછાળા સાથે બંધ થયા છે.

એ જ રીતે બજાજ ફિનસર્વ, આઈસીઆઈસીઆઈ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટેક મહિન્દ્રા, સન ફાર્મા, એનટીપીસી, ઈન્ફોસિસ અને ટાઈટન જેવા ઈન્ફોસિસ સ્ટોક્સ નોંધપાત્ર ઉછાળા સાથે બંધ થયા હતા. એચડીએફસીઅને એચડીએફસીબેંકનું મર્જર ૧ જુલાઈથી અમલી બનશે. આ અભૂતપૂર્વ મર્જર સાથે જોડાયેલા સમાચાર પછી એચડીએફસીબેંક અને એચડીએફસીના શેરમાં ઉછાળો આવ્યો હતો.

બીએસઈસેન્સેક્સ પર મારુતિનો શેર સૌથી વધુ ૦.૨૮ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. એ જ રીતે ઈન્ડસઈન્ડ બેંકના શેર ૦.૧૦ ટકા અને એચયુએલના શેર ૦.૦૪ ટકા ઘટીને બંધ થયા હતા.

### ક્રિકેટ ચાહકોની આતુરતાનો અંત આવ્યો

# વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપના કાર્યક્રમ જાહેર ભારત-પાક વચ્ચે ૧૫ ઓક્ટોબરે જંગ

## ટુર્નામેન્ટ ભારતમાં ૫ ઓક્ટોબરથી ૧૯ નવેમ્બર સુધી રમાશે, વન-ડેવર્લ્ડ કપ ૫ ઓક્ટોબરથી ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે પ્રથમ મેચથી શરુ થશે

નવી દિલ્હી, તા.૨૭

ભારતમાં પાંચમી ઓક્ટોબરથી રમાનારા આઈસીસીવન ડે વર્લ્ડકપના કાર્યક્રમ અંગેની ક્રિકેટ ચાહકોની ઈંતેજારીનો અંત આવ્યો છે. આજે મુંબઈમાં યોજાયેલી આઈસીસીની ઈવેન્ટમાં મેન્સ વનડે ક્રિકેટ વર્લ્ડ કપના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે.

આઈસીસીએ વન-ડેવર્લ્ડ કપ ૨૦૨૩નું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર કર્યું છે. આ ટુર્નામેન્ટ ભારતમાં ૫ ઓક્ટોબરથી ૧૯ નવેમ્બર સુધી રમાશે. ભારત-પાકિસ્તાન વચ્ચે ૧૫ ઓક્ટોબરે અમદાવાદમાં મેચ રમાશે. વન-ડેવર્લ્ડ કપ ૫ ઓક્ટોબરથી ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે પ્રથમ મેચથી શરુ થશે. પ્રથમ મેચ અમદાવાદના મેદાન પર જ રમાવાની છે.

ફાઈનલ મેચ પણ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૧૯મી નવેમ્બર રમાશે. હવે વર્લ્ડ કપ શરુ થવાને ૧૦૦ દિવસ જ બાકી છે.

વર્લ્ડકપ ૨૦૨૩માં રમાવનારી ભારતની તમામ મેચો

**8 October**
**India vs Australia**
**11 October**
**India vs Afghanistan**
**15 October**
**India vs Pakistan**
**19 October**
**India vs Bangladesh**
**22 October**
**India vs New Zealand**
**29 October**
**India vs England**
**2 November**
**India vs Qualifier 2**
**5 November**
**India vs South Africa**
**11 November**
**India vs Qualifier 1**

આ પહેલા ગઈકાલે આઈસીસીમેન્સ વનડે વર્લ્ડ કપની ટ્રોફીનું અનાવરણ સ્પેસમાં કરવામાં આવ્યુ હતું. ટ્રોફીને જમીનથી ૧,૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ અવકાશમાં મોકલાઈ હતી અને ત્યાં તેનું અનાવરણ કરાયું હતું. બાદમાં ટ્રોફીને અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં નીચે ઉતારવામાં આવી હતી. બીસીસીઆઈસેક્રેટરી જય શાહે આનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.

ટ્રોફી ટૂરના લોન્ચિંગ પ્રસંગે આઈસીસીચીફ એક્ઝિક્યુટિવ જ્યોફ એલાર્ડિસે જણાવ્યું કે, આઈસીસીમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ટ્રોફી ટૂર અત્યાર સુધીના સૌથી મોટા ક્રિકેટ વર્લ્ડ કપની ગણતરીમાં એક મહત્વપૂર્ણ બાબત છે. ક્રિકેટના એક અબજથી વધુ ચાહકો છે અને અમે શક્ય તેટલા વધુ લોકોને આ પ્રખ્યાત ટ્રોફીની નજીક જવાની તક આપવા માંગીએ છીએ. ટ્રોફી ટૂર ભારતમાં આજથી શરૂ થશે અને વિશ્વભરમાં પ્રવાસ કરશે ત્યારબાદ ૪ સપ્ટેમ્બરે યજમાન દેશમાં ટ્રોફી પરત લાવવામાં આવશે.

### દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર વધુ એક મુસીબત આવી

# કેજરીવાલના બંગલાના રિનોવેશનના ખર્ચનું કેગ ઓડિટ કરશે

## એલજીની ભલામણ બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા કેગ ઓડિટ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર વધુ એક મુસીબત આવી છે. કેજરીવાલના બંગલાના રિનોવેશન માટે કરાયેલા ખર્ચના કેગઓડિટ કરાશે. એલજીની ભલામણ બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા કેગ ઓડિટ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અગાઉ મુખ્યમંત્રી કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાન પર થયેલા ખર્ચને લઈને એક સ્ટિંગ ઓપરેશન સામે આવ્યું હતું. મીડિયા દ્વારા કરાયેલા આ સ્ટિંગ ઓપરેશનમાં જણાવવામાં આવ્યું હતું કે, મુખ્યમંત્રીના નિવાસસ્થાનમાં ૮-૮ લાખ રૂપિયાનો એક પડદો લગાવવામાં આવ્યો છે.

દરમિયાન દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલના સત્તાવાર બંગલાના પુનઃનિર્માણમાં થયેલી ગેરરીતિઓ અને ઉલ્લંઘનોનું કેગવિશેષ ઓડિટ કરશે. ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ) દિલ્હીમાં ૬-ફ્લેગ સ્ટાફ રોડ, સિવિલ લાઈન્સ પર આવેલ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાનના રિનોવેશનમાં વહીવટી અને નાણાકીય ગેરરીતિઓનું વિશેષ ઓડિટ કરશે.

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાનમાં લગાવાયેલા કુલ પડદા પાછળ કુલ એક કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, કુલ ૨૩ પડદાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો.

દિલ્હી ભાજપે આ અંગે આમ આદમી પાર્ટીને ઘેરી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાન પર લગાવાયેલા માર્બલ વિયેતનામથી મંગાવવામાં આવ્યું હતું. આ ડિયોર પર્લ માર્બલની કિંમત એક કરોડ ૧૫ લાખ રૂપિયા બતાવાઈ હતી. કેજરીવાલના બંગલાના રિનોવેશન પાછળ ૪૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની વાત કહેવામાં આવી હતી.

### આદિપુરૂષ ફિલ્મ રિલિઝ થયા બાદ ઠેર-ઠેર ભારે વિરોધ

# મહારાષ્ટ્રના અછાડ હાઈવે પર કરણી સેનાના કાર્યકરોને અટકાવાયા

## ફિલ્મના વિરોધ માટે વાહનોમાં નિકળેલા કાર્યકરોઅને પોલીસ વચ્ચે વિવાદ થતા મુંબઇ જતા માર્ગ પર ૬ કિ.મી. સુધી ચક્કાજામ

વાપી, તા.૨૭

આદિપુરષ હિંન્દી ફિલ્મ રિલિઝ થયા બાદ ઠેર ઠેર લોકોમાં ભારે વિરોધ ઉઠ્યા બાદ ગઈકાલે સોમવારે મહારાષ્ટ્રના અછાડ હાઈવે પર પોલીસે મુંબઈ ફિલ્મનો વિરોધ કરવા વાહનમાં જતા કરણીસેનાના આગેવાનો અને કાર્યકરોને અટકાવ્યા હતા. પોલીસ અને કાર્યકરો વચ્ચે વિવાદ થતા મુંબઈ જતા માર્ગ પર ૬ કિ.મી. સુધી ચક્કાજામ થયો હતો.

તાજેતરમાં જ રિલિઝ થયેલી આદિપુરૂષ હિન્દી ફિલ્મ સામે દેશભરમાં ભારે વિરોધ ઉઠ્યો છે. ફિલ્મના દશ્યો અને ડાયલોગ લઈ ધાર્મિક લાગણી દુભાતા ભારે વિરોધ ઉઠ્યો હતો. ફિલ્મના વિવાદમાં ગઈકાલે સોમવારે ગુજરાત કરણીસેનાના આગેવાનો અને કાર્યકરો મુબઈ વિરોધ કરવા વાહન મારફતે મુંબઈ જવા નિકળ્યા હતા. મહારાષ્ટ્રના અછાડ હાઈવે પર પોલીસે વાહનોને અટકાવ્યા હતા.

જેને પગલે પોલીસ અને કાર્યકરો વચ્ચે ભારે ઘર્ષણ ઉભુ થયું હતું. કાર્યકરો પોલીસની કામગીરી સામે આક્રોશ ઠાલવી ધરણા પર બેસી ગયા હતા. જેને કારણે મુંબઈ તરફ જતા માર્ગ પર લગભગ ૬ કિ.મી. સુધી વાહનોની લાંબી લાંબી કતાર લાગી જતા બેથી ત્રણ ક્લાક સુધી ટ્રાફિકજામ થઈ જતા વાહન ચાલકો મુશકેલીમાં મુકાયા હતા. પોલીસ અધિકારી કરણીસેનાના કાર્યકરોને પોલીસ મથકે લઈ જઈ વાતચીત કરી હતી.

### દેશભરમાં ચોમાસાની જમાવટ

# હિમાચલમાં પૂર-ભૂસ્ખલનથી ૩૦૦ રસ્તા બંધ, સેંકડો લોકો ફસાયા

## ભુસ્ખલન અને પૂરના કારણે ૭૦ કિલોમીટર લાંબા મંડી-પંડોહ-કૂલ્લુ માર્ગ સંપૂર્ણ પ્રભાવિત, ઉત્તરાખંડમાં પણ મેઘરાજાનું તાંડવા

નવી દિલ્હી, તા.૨૭

દેશમાં ચોમાસું સક્રિય થતાં જ ઘણા રાજ્યોમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. મેદાની વિસ્તારોથી લઈને પહાડી વિસ્તારોમાં વરસાદની ગતિવિધિ જોવા મળી રહી છે. પહાડો પર વરસેલો વરસાદ આફત લઈને આવ્યું છે. તો હિમાચલમાં અચાનક આવેલા પૂર અને ભુસ્ખલનના કારણે ચંડીગઢ-મનાલી નેશનલ હાઈવે બ્લોક થઈ ગયો છે, જેના કારણે સેંકડો મુસાફરો મંડીમાં ફસાયા છે. ભુસ્ખલન અને પૂરના કારણે ૭૦ કિલોમીટર લાંબા મંડી-પંડોહ-કૂલ્લુ માર્ગ સંપૂર્ણ પ્રભાવિત થયો છે. જ્યારે ઉત્તરાખંડમાં પણ મેઘરાજાનું તાંડવ જોવા મલ્યું છે. અહીં વરસાદના કારણે ભુસ્ખલનની ઘટનાઓ સામે આવી છે, જેના કારણે ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા છે. ઉપરાંત ગંગા સહિત અનેક નદીઓમાં પાણીનું સ્તર વધ્યું છે. હાલ મળતા અહેવાલો મુજબ હિમાચલના શિમલામાં વરસાદ પડી રહ્યો છે. દરમિયાન હિમાચલમાં ભારે વરસાદને કારણે અત્યાર સુધીમાં ૯ લોકોના મોત થયા છે. ૧૪ ઈજાગ્રસ્ત થયા છે.

૪ મકાનોને સંપૂર્ણ નુકસાન થયું હતું, જ્યારે ૨૮ મકાનોને આંશિક નુકસાન થયું હતું. મુખ્ય સચિવ મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન ઓંકારચંદ શર્માએ જણાવ્યું કે, અંદાજિત ૧૦૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. સ્થ મુજબ આગામી ૫ દિવસ સુધી વરસાદની સંભાવના છે. કેટલાક સ્થળોએ ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે. આજે માટે ઓરેન્જ એલર્ટ અને આવતીકાલ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જૂનમાં સરેરાશ કરતાં વધુ વરસાદની શક્યતા છે.

ભારે વરસાદ હિમાચલમાં પણ મુસીબત લઈને આવ્યો છે. અહીં વરસાદના કારણે ૩૦૧ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે, જ્યારે ઉત્તરાખંડમાં ૪૩ રસ્તાઓ બંધ કરાયા છે. તો હિમાચલમાં ૧૪૦ પાવર ટ્રાન્સફોર્મરને પણ અસર થઈ હોવાના અહેવાલો છે. ભારે વરસાદના કારણે મંડી શહેરથી લગભગ ૪૦ કિલોમીટર દૂર ઔટ પાસે પંડોહ-કૂલ્લુ માર્ગ પર આવેલા ખોતિનલ્લામાં અચાનક પૂર આવ્યું હતું, જેના કારણે રવિવારે હજારો મુસાફરો અહીં ફસાયા છે.

મંડી વહિવટીતંત્રના અધિકારીઓએ જણાવ્યું કે, ભુસ્ખલનના કારણે બંધ કરાયેલો મંડી-કુલ્લૂ માર્ગ વાયા કટોલા લગભગ ૨૦ કલાક બાદ ખોલવામાં આવ્યો અને હાલ માત્ર નાના વાહનોને જ જવા દેવામાં આવે છે.

ભૂસ્ખલનના કારણે ૬ કિલોમીટર સુધી બંધ કરાયેલો મંડી-પંડોહનો રસ્તો હાલ વન-વે ટ્રાફિક માટે ખોલી દેવામાં આવ્યો છે, જોકે અહીં ટ્રાફિક જામ થઈ રહ્યો છે અને વાહનો પણ ધીમી ગતિએ આગલ વધી રહ્યા છે. અધિકારીઓએ કહ્યું કે, રસ્તાઓ પર ભારે પત્થરો પડ્યા છે અને આ પત્થરોને હટાવવા માટે વિસ્ફોટોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

જાહેર બાંધકામ વિભાગના મંત્રી વિક્રમાદિત્ય સિંહે જણાવ્યું કે, ભારે વરસાદના કારણે ૩૦૧ રસ્તાઓ બ્લોક થયા છે. આમાંથી ૧૮૦ રસ્તાઓ સોમવાર સાંજ સુધીમાં, ૧૫ રસ્તાઓ મંગળવાર સુધીમાં ખોલવાના હતા. તેમજ બાકીના રસ્તાઓ ૩૦ જૂન સુધીમાં ખોલી દેવામાં આવશે. રસ્તાઓ સાફ કરવા માટે ૩૯૦ જેસીબી, ડોઝર્સ અને ટીપરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હવામાન વિભાગે હિમાચલ પ્રદેશમાં આજે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. જ્યારે ૨૮ અને ૨૯ જૂને વીજળીના કડાકાભડાકા સાથે ભારે વરસાદ પડવાની આગાહી સાથે યલ્લો એલર્ટ જારી કર્યું છે.

રવિવારે હિમાચલના સોલન અને હમીરપુર જિલ્લામાં વાદળ ફાટતા અચાનક પૂર આવ્યું હતું તેમજ શિમલા, મંડી અને કુલ્લૂમાં ભારે વરસાદના કારણે ૨ લોકોના મોત થવાની ઘટના બની હતી. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ હમીરપુર અને શિમલા જિલ્લામાં ૧-૧ વ્યક્તિઓ પૂરના પાણીમાં ડુબ્યા હતા. ઉપરાંત વરસાદના કારણે ૧૧ મકાનો તેમજ ઘણા વાહનો ઉપરાંત ૪ ગૌશાળાને પણ નુકસાન થયું છે.

### એનઆઇએની પુછપરછમાં લોરેન્સ બિશનોઈનો ખુલાસો

# નેતા-ઉધોગપતિઓ ધમકીભર્યા ફોન માટે પૈસા આપે છે : બિશ્નોઇ

## પોલીસ સુરક્ષા મળી રહે તે માટે પૈસા આપીને કોલ કરાવવામાં આવી રહ્યા હોવાનો ગેંગસ્ટારનો દાવો

મુંબઈ, તા.૨૭

જેલમાં સળિયા પાછળ રહેલા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈએ એક સનસનીખેજ ખુલાસો કર્યો છે. લોરેન્સ બિશ્નોઈ કહે છે કે રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓ તેમને ધમકીભર્યા ફોન કરવાને બદલે પૈસા આપે છે.

આવું એટલા માટે કરવામાં આવે છે જેથી આ નેતાઓ અને વેપારીઓને પોલીસ સુરક્ષા મળી શકે. હકીકતમાં, બિશ્નોઈ એપ્રિલમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ની કસ્ટડીમાં હતો. એનઆઈએએ ખાલિસ્તાની સંગઠનોને ફંડિંગ સંબંધિત એક કેસમાં બિશ્નોઈની પૂછપરછ કરી હતી.

લોરેન્સ બિશ્નોઈ કોંગ્રેસ નેતા અને ગાયક સિદ્ધુ મુસેવાલાની હત્યાનો મુખ્ય આરોપી છે. હાલ તે ભટિંડા જેલમાં બંધ છે. જાણવા મળ્યું છે કે એનઆઈએએ લોરેન્સ બિશ્નોઈની પૂછપરછ કર્યા બાદ મળેલી માહિતી કેન્દ્રીય ગૃહ મંત્રાલયને આપી છે. એનઆઈએની પૂછપરછમાં બિશ્નોઈએ ઘણા મોટા ખુલાસા કર્યા છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે બિશ્નોઈએ તપાસકર્તાઓને જણાવ્યું છે કે તે દર મહિને દારૂના વિક્રેતાઓ, કોલ સેન્ટરના માલિકો, ડ્રગ સપ્લાયર્સ અને રિયલ એસ્ટેટ બિઝનેસમેન પાસેથી ૨.૫ કરોડ રૂપિયાની ખંડણી વસૂલ કરે છે. ગેંગસ્ટરે એવો પણ દાવો કર્યો હતો કે આ દિવસોમાં ઘણા રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓ તેને ધમકીભર્યા કોલ કરવા માટે પોતાના ખિસ્સામાંથી પૈસા ચૂકવી રહ્યા છે.

તેણે તપાસકર્તાઓને એમ પણ કહ્યું હતું કે આ બધા લોકોને પોલીસ સુરક્ષા મળી રહે તે માટે તેને પૈસાઆપીને તેની પાસે કોલ કરાવવામાં આવી રહ્યા છે.

બિશ્નોઈએ એનઆઈએને જણાવ્યું કે તેના 'બિઝનેસ મોડલ'માં ઘણા સહયોગીઓ સામેલ છે. આ સહયોગીઓ જેલમાં બંધ ગેંગસ્ટર છે, જેઓ અલગ-અલગ રાજ્યોમાં સજા કાપી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં ધનંજય સિંહ, હરિયાણામાં કાલા જથેરી, રાજસ્થાનમાં રોહિત ગોદરા અને દિલ્હીની જેલમાં રોહિત મોઈ અને હાશિમ બાબા લોરેન્સ બિશ્નોઈના સહયોગી છે.એક અધિકારીનું કહેવું છે કે આ બિઝનેસ મોડલમાં આ તમામ ગુંડાઓ ટોલ સિક્યુરિટી અને કમિશન વસૂલ કરે છે. જો તેઓને લાગે છે કે પ્રતિસ્પર્ધીને ખતમ કરવો પડશે, તો તેઓ એકબીજાને શસ્ત્રો અને શૂટર્સ પ્રદાન કરે છે.

ગેંગસ્ટર બિશ્નોઈએ તો એવો પણ દાવો કર્યો હતો કે ૧૯૯૮ના કાળા હરણના શિકાર કેસમાં તેનું નામ સામે આવ્યું ત્યારથી બોલીવુડ અભિનેતા સલમાન ખાન તેના નિશાના પર છે. હકીકતમાં, બિશ્નોઈ સમાજમાં કાળા હરણને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. બિશ્નોઈનું કહેવું છે કે જો સલમાન માફી માંગે તો તે તેને માફ કરી દેશે.સૂત્રોનું કહેવું છે કે પૂછપરછ દરમિયાન તેણે કહ્યું કે તે ખાલિસ્તાન સમર્થકો વિરુદ્ધ છે. તે કહે છે કે તે માત્ર અન્ય ગુનેગારો સાથે મળીને તેના ગુનાનો વ્યવસાય ચલાવવા માંગે છે. તેનું કહેવું છે કે તે ડી-કંપની અને દાઉદ ઈબ્રાહિમની પણ વિરુદ્ધ છે. તેનો દાવો છે કે તે આવનારા દિવસોમાં દાઉદની વિરુદ્ધમાં રહેલા ગુંડાઓ સાથે કામ કરવા જઈ રહ્યો છે.

### અમેરિકન સ્પેસ એજન્સી નાસાને એક મોટી સફળતા મળી

# અંતરિક્ષ યાત્રીના પેશાબ-પરસેવાને પીવાના પાણીમાં રૂપાંતરિત કરવામાં સફળતા

## સ્પેસ સ્ટેશન પરના દરેક અવકાશયાત્રીને પીવા, રસોઈ અને સફાઈ માટે દરરોજ એક ગેલન પાણીની જરૂર પડે છે

નવી દિલ્હી, તા.૨૭

અમેરિકન સ્પેસ એજન્સી નાસાને એક મોટી સફળતા મળી છે. નાસાએ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં રહેતા અંતરિક્ષ યાત્રીના લગભગ ૯૮% પેશાબ અને પરસેવાને પીવાના પાણીમાં રૂપાંતરિત કરવામાં મોટી સફળતા હાંસલ કરી છે.

સ્પેસ સ્ટેશન પરના દરેક અવકાશયાત્રીને પીવા, રસોઈ અને સફાઈ માટે દરરોજ એક ગેલન પાણીની જરૂર પડે છે. અંતરિક્ષ યાત્રીઓએ આ શોધ માટે એ પ્રણાલીઓનો ઉપયોગ કર્યો છે જે એન્વાયરોમેન્ટ કંટ્રોલ એન્ડ લાઈફ સપોર્ટ સિસ્ટમ (ઈસીએલએસએસ) નો હિસ્સો છે.

ઈસીએલએસએસજે હાર્ડવેરથી બનેલું છે તેમાં વોટર રિકવરી સિસ્ટમ સામેલ છે. જે ગંદા પાણીને એકત્ર કરીને વોટર પ્રોસેસર એસેમ્બલીમાં મોકલે છે.

પછી પીવાલાયક પાણીનું ઉત્પાદન થાય છે. કેબિન ક્રૂનો શ્વાસ અને પરસેવાથી કેબિનની હવામાં નીકળેલા ભેજને એકત્ર કરવા માટે એક એડવાન્સ ડીહ્યુમિડીફાયરનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત યુરિન પ્રોસેસર એસેમ્બલી, વેક્યુમ ડિસ્ટિલેશનનો ઉપયોગ કરીને પેશાબમાંથી પાણી કાઢવામાં આવે છે.

અંતરિક્ષ સ્ટેશનના લાઈફ સપોર્ટ સિસ્ટમનું મેનેજમેન્ટ કરનારા જોનસન સ્પેસ સેન્ટરની ટીમના સદસ્ય ક્રિસ્ટોફર બ્રાઉને કહ્યું કે, બીપીએ એ યુરિનમાંથી નીકાળવામાં આવેલા સાફ પાણીની માત્રા ૯૪% થી વધારીને ૯૮% કરી દેવામાં આવ્યુ છે જે અત્યાર સુધીમાં સૌથી વધુ છે.

તેમણે કહ્યું કે પીવા યોગ્ય પાણીને રિસ્ટોર કરવાની આ રીત મંગળ જેવા લાંબા અંતરિક્ષ મિશનમાં મદદ કરી શકે છે.જોનસન સ્પેસ સેન્ટર ટીમનો મેમ્બર ક્રિસ્ટોફર બ્રાઉને કહ્યું કે, આ જીવન સમર્થન પ્રણાલીઓના વિકાસમાં એક ખૂબ જ મહત્વપૂર્ણ પગલુ છે.

માની લો કે, તમે સ્ટેશન પર ૧૦૦ પાઉન્ડ પાણી એકત્ર કરો છો. તમે તેમાંથી બે પાઉન્ડ ગુમાવો છો અને અન્ય ૯૮% એમ જ ફરતુ રહે છે. તેને ચાલુ રાખવું એ એક મોટી સિદ્ધિ છે.

### ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ચોંકાવનારી બાબત

# ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સૌથી વધુ ફી લેનારો સાઉથનો એક્ટર થલાપતિ વિજય

મુંબઈ, તા.૨૭

ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના હાઈએસ્ટ પેઈડ એક્ટર કોણ છે? વર્ષોથી આ પ્રશ્નના જવાબમાં ક્યારેક અક્ષય કુમારનું તો ક્યારેક સલમાન ખાનનું તો ક્યારેક શાહરુખ ખાનનું નામ સામે આવતુ રહ્યુ છે પરંતુ આ વખતે નહીં. કેમ કે આ વખતે સાઉથ એક્ટરે બોલીવુડના તમામ સુપરસ્ટાર્સને પાછળ મૂકી દીધા છે. તેઓ માત્ર સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જ નહીં પરંતુ સમગ્ર ભારતના હાઈએસ્ટ પેઈડ એક્ટર બની ગયા છે.

મળતી માહિતી અનુસાર થલાપતિ વિજય હવે ભારતના સૌથી વધુ ફરી લેનાર એક્ટર બની ગયા છે. બે વર્ષ પહેલા વિજય પોતાની ફિલ્મો માટે ૧૦૦ કરોડ રૂપિયાની ફી લઈ રહ્યા હતા પરંતુ હવે તેમણે પોતાની ફી બમણી કરી દીધી છે.

તેઓ પોતાની આગામી ફિલ્મ 'થલાપતિ ૬૮' માટે ૨૦૦ કરોડ રૂપિયા જેટલી મોટી રકમ લઈ રહ્યા છે. રસપ્રદ વાત તો એ છે કે થલાપતિ વિજય પહેલા દેશના કોઈપણ અભિનેતાએ એક ફિલ્મ માટે ૨૦૦ કરોડ રૂપિયા ફી ચાર્જ કરી નથી.

જે ફિલ્મ માટે થલાપતિ વિજયને ૨૦૦ કરોડ રૂપિયાની ફી મળી રહી છે તે ફિલ્મનું અસ્થાયી નામ થલાપતિ ૬૮ રાખવામાં આવ્યુ છે. આ વિજયના કરિયરની ૬૮મી ફિલ્મ છે. કહેવાઈ રહ્યુ છે કે આ થલાપતિની છેલ્લી ફિલ્મ પણ સાબિત થઈ શકે છે. કેમ કે આ ફિલ્મ બાદ તેઓ રાજકારણમાં ઝંપલાવવાનો પ્લાન બનાવી રહ્યા છે. જોકે આ મામલે હજુ સુધી થલાપતિ વિજય તરફથી કોઈ રિએક્શન સામે આવ્યુ નથી.

### દેશના ઉત્તરના ભાગમાં સતત વરસાદ પડવાનો સિલસિલો યથાવત

# રાજ્યના ૧૫૪ તાલુકામાં વરસાદ, ૩૦ જૂન સુધી દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી

## હવામાન વિભાગે ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, આસામ, મેઘાલયમાં વરસાદનું અલર્ટ પણ જાહેર કર્યું

અમદાવાદ, તા.૨૭

ગુજરાતમાં ચોમાસાનું વિધિવત આગમન થઈ ચૂક્યું છે. રાજ્યમાં મંગળવારે પણ વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. રાજ્યના ૧૫૪ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ જોવા મળી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગની આગાહી છે કે, ગુજરાતમાં આગામી ૩૦ જૂન સુધી ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા છે. કેટલાંક વિસ્તારોમાં છૂટોછવાયો તો કેટલાંક વિસ્તારોમાં જોરદાર વરસાદ પડી શકે છે.

દેશના ઉત્તરના ભાગમાં સતત વરસાદ પડવાનો સિલસિલો યથાવત છે. મોનસૂનની દસ્તક બાદ દિલ્હી, યુપી, બિહાર સહિત અનેક રાજ્યોમાં વાતાવરણ બદલાયું છે. આકાશમાં વાદળો જોવા મળી રહ્યાં છે. ત્યારે ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગે વરસાદને લઈને મોટી આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૩૦ જૂન સુધી ગુજરાત સહિત કેટલાંક રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે.

હવામાન વિભાગે ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, આસામ, મેઘાલયમાં વરસાદનું અલર્ટ પણ જાહેર કર્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, દક્ષિણ અને પૂર્વ ગુજરાતના વિસ્તારોમાં વધારે વરસાદ પડી શકે છે. સુરત, વલસાડ, નવસારી, ડાંગ, તાપી જિલ્લાના તમામ તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ભારે વરસાદ પડી શકે છે. આ સિવાય દાહોદ, ગોધરા, પંચમહાલ, છોટાઉદેપુરમાં પણ સારા વરસાદની આશા છે. તો મધ્ય ગુજરાતમાં વડોદરા, ખેડા, આણંદમાં ભારે વરસાદની વકી છે. મહત્વનું છે કે, ગુજરાતના ૧૫૪ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે આગામી ૩૦ જૂન સુધી ગોવા, ગુજરાત અને મધ્ય પ્રદેશમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. એક અધિકારીના જણાવ્યા મુજબ, મુંબઈ અને મહારાષ્ટ્ર સહિત તટીય વિસ્તારોમાં અતિભારે વરસાદ થવાની શક્યતા છે. આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદ પડી શકે છે. હિમાચલ પ્રદેશમાં હાલ અચાનક વરસાદ બાદ પૂરની સ્થિતિ જોવા મળી હતી. ભૂસ્ખલનના કારણે ચંદીગઢ-મનાલી રાષ્ટ્રીય રાજમાર્ગ પણ બંધ થઈ ગયો હતો. જેના કારણે યાત્રીઓ પણ ફસાઈ ગયા હતા. જેના કારણે ૭૦ કિમી લાંબો મંડી પંડોદ કુલ્લુ માર્ગ સંપૂર્ણ રીતે પ્રભાવિત થયો હતો. ભારે વરસાદ બાદ અહીં કુલ ૩૦૧ રસ્તા બંધ થઈ ગયા હતા અને ૧૪૦ જેટલાં વીજળીના ટ્રાન્સફોર્મર બંધ થઈ ગયા હતા.

તો દેશની રાજધાની દિલ્હીમાં મંગળવારે બપોરે ઝરમર વરસાદ જોવા મળ્યો હતો. હવામાન વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે, શહેરમાં મંગળવારે સવારે છેલ્લાં ચોવીસ કલાકમાં ૫.૬ એમએમ વરસાદ નોંધાયો છે. આજે હળવો વરસાદ પડે એવી શક્યતા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદના કેટલાંક વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદની શક્યતા છે. આ સિવાય પોરબંદર, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર સહિતના કેટલાંક વિસ્તારોમાં સારો વરસાદ તો ક્યાંક છૂટોછવાયો વરસાદ પડી શકે છે.

ઉપરાંત પાટણ, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, ગાંધીનગર જિલ્લાઓમાં પણ મંગળવારથી વરસાદની શરુઆત થાય એવી આગાહી છે. ઉત્તર ગુજરાતના આ જિલ્લાઓમાં મંગળવારે હળવો વરસાદ પડી શકે છે. આ વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી નથી, પરંતુ હળવો વરસાદ પડી શકે છે.

બીજી તરફ, કચ્છની વાત કરવામાં આવે તો સાર્વત્રિક વરસાદ પડ્યો નથી. આગામી દિવસોમાં કચ્છમાં પણ ભારે વરસાદની વકી છે. અહીં હાલ છૂટોછવાયો વરસાદ પડી શકે છે. મહત્વનું છે કે, ગુજરાતમાં ચોમાસું જામતું જઈ રહ્યું છે. ત્યારે ત્રણ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. આ સિવાય મંગળવારે ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. સુરતમાં વહેલી સવારથી જ વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું. અમદાવાદમાં પણ સવારથી વાદળો ઘેરાયેલા જોવા મળ્યા હતા. રાજ્યના કેટલાંક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે.

વલસાડ, ઉમરગામ, સુરત, ધોરાજી વગેરે વિસ્તારમાં જોરદાર વરસાદ જોવા મળ્યો હતો. નવસારીમાં બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જે બાદ કેટલાંક વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. નડિયાદમાં પણ ઠેર ઠેર કેડસમા પાણી ભરાયા હતા. ત્યારે આગામી ત્રણ દિવસમાં હજુ પણ વરસાદ ધબધબાટી બોલાવે એવી શક્યતા છે.

### મોદીના પોઝિટિવ ઓરાથી બધા જ પરિચિત

# નરેન્દ્ર મોદી ઉદ્યોગપતિ ઈલોન મસ્ક માટે લકી ચાર્મ બન્યા

## ઈલોન મસ્ક જ્યારે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળી રહ્યા હતા એ જ સમયે તેમની ઈવીકંપનીના શેર રોકેટની ઝડપે ઉપર જઈ રહ્યા હતા

નવી દિલ્હી, તા.૨૭

પીએમ નરેન્દ્ર મોદીના પોઝિટિવ ઓરાથી આપણે બધા જ પરિચિત છીએ, કારણ કે તેઓ જ્યાં પણ જાય છે ત્યાં ત્યાં તેઓ બધાને પોતાના બનાવીને તેમનું સારૂ કરતા જ જાય છે. પણ એક ઉદ્યોગપતિ માટે તો પીએમમોદી લકી ચાર્મ સાબિત થયા છે. વિશ્વના સૌથી અમીર ઉદ્યોગપતિમાં જેની ગણતરી થાય છે એવા ઈલોન મસ્ક જ્યારે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળી રહ્યા હતા એ જ સમયે તેમની ઈવીકંપનીના શેર રોકેટની ઝડપે ઉપર જઈ રહ્યા હતા.

આ બેઠક ભારતમાં ટેસ્લાના ભવિષ્ય વિશેની હતી અને હવે એના પર હવે ખુદ ઈલોન મસ્કે મંજૂરીની મહોર મારી દીધી છે. આવી પરીસ્થિતિમાં પીએમ મોદી મસ્ક માટે લકી ચાર્મ માનવામાં આવી રહ્યા છે, કારણ કે આ બેઠક બાદ જે આંકડો સામે આવ્યો છે તે ખરેખર ખૂબ જ ચોંકાવનારો છે. બ્લૂમબર્ગ બિલિયોનેયર્સ ઈન્ડેક્સ દ્વારા આપવામાં અનુસાર દેશના સૌથી ધનિક બિઝનેસમેનની સંપત્તિમાં લગભગ ૧૦ બિલિયન ડોલર એટલે કે ૮૨ હજાર કરોડ રૂપિયાનો જંગી વધારો જોવા મળ્યો છે.

મોદી અમેરિકામાં હતા ત્યારે એટલે કે મંગળવારના ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક મોદીને મળ્યા હતા. જેમાં ટેસ્લાની ભારતમાં એન્ટ્રી અંગે ચર્ચા થઈ હતી. પણ ત્યાર બાદમાં મસ્ક પોતે ભારતમાં એન્ટ્રી માટે સંમત થયા હતા અને શક્ય તેટલી વહેલી તકે પ્લાન્ટ સ્થાપવાની વાત જાહેરાત પણ કરી હતી.

એ જ સમયે, ટેસ્લાના શેરે પણ સ્પીડ પકડી લીધી હતી. ટેસ્લાનો શેર યુએસ સ્ટોક માર્કેટ ઈન્ડેક્સ નાસ્ડેક પર ૫.૩૪ ટકા વધીને ડોલર૨૭૪.૪૫ પર બંધ થયો હતો. આ દરમિયાન કંપનીનો સ્ટોક પણ ડોલર૨૭૪.૭૫ પર પહોંચી ગયો હતો અને છેલ્લા પાંચ દિવસમાં કંપનીના શેરમાં ૨૧ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે અને વર્ષ ૨૦૨૩માં ૧૬૬ ટકાનો વધારો જોવા મળ્યો છે.

બીજી બાજું ટેસ્લાના શેરમાં વધારા સાથે એલોન મસ્કની સંપત્તિમાં પણ જબરદસ્ત વધારો જોવા મળ્યો હતો. મંગળવારે મસ્કની સંપત્તિમાં ૯.૯૫ અબજ ડોલર એટલે કે આશરે ૮૨ હજાર કરોડ રૂપિયાનો વધારો જોવા મળ્યો હતો અને આ પછી મસ્કની કુલ સંપત્તિ ૨૪૩ બિલિયન ડોલર જેટલી થઈ ગઈ હતી.

જો સોમવાર અને મંગળવારની વાત કરીએ તો બે દિવસમાં મસ્કની નેટવર્થમાં આશરે ડોલર૧૩ બિલિયનથી વધુનો વધારો જોવા મળ્યો છે. મસ્કની સાથે સાથે જ વિશ્વના બીજા સૌથી ધનિક ઉદ્યોગપતિ એવા આર્નોલ્ટ બર્નાર્ડની કુલ સંપત્તિમાં ડોલર૫.૭૫ બિલિયનનો ઘટાડો જોવા મળ્યો હતો અને તેમની કુલ સંપત્તિ ડોલર૨૦૦ બિલિયનથી ઘટીને ડોલર૧૯૭ બિલિયન પર આવી ગઈ છે.

આ વર્ષે ઈલોન મસ્કે નેટવર્થ વધારવાની બાબતમાં વિક્રમ રચ્યો છે. વર્ષ ૨૦૨૩માં તેમણે પોતાની સંપત્તિમાં ૧૦૬ અબજ ડોલરનો વધારો કર્યો છે. ઉલ્લેખનીય છે કે વિશ્વના ૯મા સૌથી ધનિક ઉદ્યોગપતિ સેર્ગેઈ બ્રિનની કુલ સંપત્તિ ડોલર૧૦૬ બિલિયન જેટલી છે. તે પછી, કોઈપણ ઉદ્યોગપતિની કુલ સંપત્તિ આ સ્તરે આવી નથી. માર્ક ઝુકરબર્ગની પણ કુલ સંપત્તિ ડોલર૧૦૪ બિલિયન છે, જે વિશ્વના ૧૦મા સૌથી ધનિક બિઝનેસમેન છે. નિષ્ણાતોના મતે, ટૂંક સમયમાં જ એલોન મસ્ક ડોલર ૨૫૦ બિલિયનનું સ્તર પાર કરશે. એવી શક્યતા પણ છે કે તે આ વર્ષે તેના જીવનકાળની નેટવર્થના ડોલર૩૪૦ બિલિયનના રેકોર્ડને પાર કરી શકે છે, અને આ રેકોર્ડ તેમણે નવેમ્બર ૨૦૨૦માં બનાવ્યો હતો.

### મોદીના વિદેશ યાત્રા પરથી પરત ફર્યા બાદ પક્ષમાં નવાજૂનીનાં એંધાણ

# મોદીએ અમિત શાહ સાથે મણિપુરમાં હિંસા સહિતના મુદ્દા પર ચર્ચા કરી

## મણિપૂર બાબતે જલ્દી જ સરકાર એક્શન મોડમાં દેખાશે, આવતા મહિને કેન્દ્ર સરકાર અને ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં મોટા બદલાવ જોવા મળશે

નવી દિલ્હી, તા.૨૭

સોમવારે વિદેશ યાત્રાથી પાછા ફર્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે મણિપૂર મુદ્દે ચર્ચા કરી હતી. આ સમયે મણિપૂરમાં રાષ્ટ્રપતી શાસન લાગૂ કરવાથી માંડીને રાજયપાલ અનસૂયા ઉકેઈની બદલી અને આવતા મહિનામાં એટલે કે જૂલાઈમાં સરકાર અને સંગઠનમાં મોટા ફેરબદલ કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મણિપૂર બાબતે જલ્દી જ સરકાર એક્શન મોડમાં દેખાશે. આવતા મહિને કેન્દ્ર સરકાર અને ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં મોટા બદલાવ જોવા મળશે. કેટલાંક રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને કારણે ફેરબદલ તો ઘણી જગ્યાએ નવી નિમણૂંકો થઈ શકે છે.

પ્રાપ્ત વિગતો અનુસાર અમેરિકા અને ઈજિપ્તના પ્રવાસ બાદ ભારત પાછા ફરેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી એરપોર્ટ પર જ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા સાથે ચર્ચા કરી હતી. પક્ષ દ્વારા શરુ કરવામાં આવેલ જનસંપર્ક અભિયાન અંગે જાણકારી મેળવી હતી.

ગૃહ પ્રધાન અમિત શાહે મોદીને મળીને મણિપૂરની પરિસ્થિતિ તથા સર્વપક્ષીય બેઠકમાં તમામ નેતાઓની ભૂમિકા અંગે જાણકારી આપી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહ પ્રધાન સાથે અમરનાથ યાત્રાની તૈયારી અંગે પૂછપરછ કરી સુરક્ષા વ્યવસ્થા વધારવા માટે કહ્યું હતું.

આ બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાંચ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી અંગે ચર્ચા કરી. નરેન્દ્ર મોદી મંગળવારે મધ્ય પ્રદેશના શહડોલ અને ભોપાલમાં જઈને વિધાનસભાની ચૂંટણીનું બ્યુગલ વગાડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે જૂલાઈના છેલ્લાં ૧૫ દિવસ સંસદનું ચોમાસું સત્ર શરુ થશે. તેથી જુલાઈના પહેલાં ૧૫ દિવસમાં સંગઠન અને સરકારમાં ફેરબદલનું કામ પૂરું કરવામાં આવશે એવી માહિતી સૂત્રોમાંથી મળી છે.

શું બદલાશે ?

– સૂત્રોના દાવા મુજબ પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણી અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને આવતા મહિનાની શરુઆતમાં સરકાર અને ભાજપના સંગઠનમાં મોટા ફેર બદલ થઈ શકે છે.

– પાંચ રાજ્યના ચૂંટણી પ્રભારી નક્કી કરવામાં આવશે, ઉપરાંત કેટલાંક નવા સેક્રેટરીના પદ આપવામાં આવશે.

– વિપક્ષ કરતાં એનડીએનો પરિવાર મોટો કરવા માટે કેટલાંક મિત્રપક્ષોને સરકારમાં સમાવવામાં આવશે.

– આ અંગે બિહારના લોક જનશક્તી પક્ષના ચિરાગ પાસવાન, મહારાષ્ટ્રના શિંદે જૂથના સાંસદ તથા અકાલી દલ સાથે સંભવિત યુતિને ધ્યાનમાં લઈને હરસિમરત કૌર બાદલના નામનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### IAS ધવલ પટેલના પત્ર પછી સરકાર સફાળી જાગી

# રાજ્યના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણની હાલત ઘણી ખરાબ

## ડિંડોરે કહ્યું કે ભુપેન્દ્ર પટેલ અને બીજા અધિકારીઓ સાથે આ ફીડબેકની સમીક્ષા કરવામાં આવી હતી

અમદાવાદ, તા.૨૭

ગુજરાતના અંતરિયાળ ગામોમાં પ્રાથમિક શિક્ષણની સ્થિતિ કેટલી હદે ખરાબ છે તે અંગે IAS અધિકારી ધવલ પટેલના પત્ર બાદ શિક્ષણ વિભાગની ભારે ફજેતી થઈ છે. ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં બાળકોને બહુ નબળું શિક્ષણ આપવામાં આવે છે તે બહાર આવ્યા પછી શિક્ષણ વિભાગ ઓચિંતું જાગ્યું છે અને આ અંગે રિપોર્ટ મગાવ્યો છે.

વિરોધ પક્ષોએ પણ રાજ્યમાં શિક્ષણના નબળા સ્તર અંગે સરકારની ટીકા કરી છે. જિયોલોજી અને માઈનિંગ વિભાગના કમિશ્નર ધવલ પટેલે શિક્ષણ સચિવને લખેલા પત્રમાં જણાવ્યું છે કે કેટલીક સ્કૂલોમાં ધોરણ ૮માં ભણતા વિદ્યાર્થીઓ સરખી રીતે વાંચી પણ શકતા નથી. એક સ્કૂલમાં મોટા પાયે પરીક્ષામાં ચોરી થઈ હતી. અમુક શાળાઓમાં વિદ્યાર્થીઓ 'દિવસ' અને 'અજવાળુ' જેવા શબ્દોના વિરોધી પણ આપી શક્યા ન હતા. અમુક શાળાઓમાં પાંચમા ધોરણના વિદ્યાર્થીઓ સાદા સરવાળા-બાદબાકી કરી શકતા નથી. ધવલ પટેલને છોટા ઉદેપુર જિલ્લાની છ શાળાઓમાં પ્રવેશોત્સવનું કામ સોંપાયું હતું. રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે સોમવારે જણાવ્યું કે તેમણે પટેલના નિરીક્ષણ અંગે રિપોર્ટ મગાવ્યો છે. પટેલે ૧૩ અને ૧૪ જૂને શાળાઓની મુલાકાત લઈને તેની પરિસ્થિતિ જાણીતી હતી. શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર આદિવાસી વિકાસ બાબતોનું મંત્રાલય પણ સંભાળે છે.

ગોધરામાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે પત્રકારને જણાવ્યું કે, "મેં મારા અધિકારીઓને આ અંગે એક વિગતવાર રિપોર્ટ આપવા માટે કહ્યું છે જેથી આપણે પરિવર્તન લાવી શકીએ. અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં કેટલાક મુદ્દા છે. હું પણ આ વિસ્તારનો રહેવાસી છું. અહીં બાળકોના વાલીઓમાં પણ આ બાબતે જાગૃતિનો અભાવ જોવા મળે છે.

અમે તેમને વધારે જાગૃત કરવા માટે પ્રયાસ કરીશું. ડિંડોરે કહ્યું કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને બીજા અધિકારીઓ સાથે આ ફીડબેકની સમીક્ષા કરવામાં આવી હતી. જે શાળાઓમાં શિક્ષણની ક્વોલિટી સારી નથી ત્યાં સુધારા કરવા માટે ત્રિમાસિક સમીક્ષા કરવામાં આવશે. ધવલ પટેલના પત્ર અંગે રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું કે આઈએએસ અધિકારીઓ અને બીજા અધિકારીઓને ફિલ્ડમાં મોકલવાનો હેતુ જે તે વિસ્તારમાં શિક્ષણમાં રહેલી ખામીઓને શોધીને તેનો ઉકેલ લાવવાનો છે. ૧૬ જૂને શિક્ષણ વિભાગને લખવામાં આવેલા પત્રમાં ધવલ પટેલે જણાવ્યું હતું કે આદિવાસી બાળકોને આપવામાં શિક્ષણની ગુણવત્તા અત્યંત ખરાબ છે અને તેમણે છે છ શાળાની મુલાકાત લીધી તેમાંથી પાંચ શાળામાં બહુ ખરાબ સ્થિતિ છે.

બોડગામની શાળામાં વિદ્યાર્થીઓ સાવ સરળ શબ્દોના વિરોધી શબ્દ આપી શકતા ન હતા. ધોરણ ૮નું એક બાળક ભારતના નકશામાં ગુજરાત શોધી શક્યું ન હતું. બીજી કેટલીક શાળાઓમાં બાળકો ગુજરાતીમાં સરળ વાક્યો પણ સહેલાઈથી વાંચી શકતા ન હતા.

### આદિપુરૂષ ફિલ્મને લઈને ભારે વિવાદ

# રામાનંદ સાગરની રામાયણ ટીવી પર ફરીથી દર્શાવાશે

નવી દિલ્હી, તા.૨૭

સાઉથ એક્ટર પ્રભાસ અને કૃતિ સેનની ફિલ્મ આદિપુરુષને લઈને વિવાદ ચાલુ છે. ફિલ્મના વીએફએક્સને લઈને પણ મેકર્સે ઘણી ટિકાઓનો સામનો કરવો પડ્યો છે. ફિલ્મના ડાયલોગ અને સ્ટાર્સના કોસ્ટ્યૂમ પણ વિવાદમાં રહ્યા છે. રાવણનું લુક પણ વિવાદમાં રહ્યું છે. વધતા વિવાદ બાદ મેકર્સે ફિલ્મના ડાયલોગ પણ બદલી નાખ્યા છે.

આ વચ્ચે હવે રામાનંદ સાગરની રામાયણ ફરી ચર્ચામાં આવી ગઈ છે.રામાયણ શો માં કામ કરી ચૂકેલા એક્ટર્સે પણ આદિપુરુષની ખૂબ ટિકા કરી છે. હવે આદિપુરુષના વિવાદ વચ્ચે ખબર છે કે, રામાયણને ફરી એક વખત ટીવી પર પ્રસારિત કરવામાં આવશે. ચાહકો તેને લઈને ખૂબ જ એક્સાઈટેડ છે. અરુણ ગોવિલ અને દીપીકા ચીખલિયાના રામાયણને શેમારુ ટીવી પર રી-રન કરવામાં આવશે. રામાયણ ૩ જુલાઈથી ૭:૩૦ વાગ્યે ઓન એર થશે. શેમારુ ટીવીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને લખ્યુ કે, બધા પ્રિય દર્શકો માટે અમે લઈને આવી રહ્યા છે વિશ્વ પ્રસિદ્ધ પૌરાણિક ધારાવાહિક 'રામાયણ'. જુઓ રામાયણ ૩ જુલાઈથી સાંજે ૭:૩૦ વાગ્યે શેમરૂ ટીવી પર.

રામાનંદ સાગરની આ ઐતિહાસિક રામાયણ ૧૯૮૭માં આવી હતી. તે સમયે રામાયણ ખૂબ જ લોકપ્રિય બની હતી. રામાયણ જોવા માટે રસ્તાઓ પર ભીડ જામતી હતી. શોમાં અરુણ ગોવિલે ભગવાન રામની ભૂમિકા ભજવી હતી અને દીપિકા ચીખલિયાએ માતા સીતાની ભૂમિકા ભજવી હતી.

બંને સ્ટાર્સને દેવતાની જેમ પૂજા કરવામાં આવ્યા હતા. થોડા સમય પહેલા જ્યારે દીપિકા મિથિલા ગઈ હતી ત્યારે તેને દીકરીની જેમ વિદાય આપવામાં આવી હતી.

### વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીની લહેર

# રાજ્યમાં ૪૯ તાલુકામાં મેઘરાજા મનમુકીને વરસ્યા

## સુરતમાં એક મહિના પહેલા જ કરોડોનાં ખર્ચે બનેલ અંડરપાસ માટે બનાવેલી ડ્રેનેજ લાઈનમાં ભુવો પડતા કોન્ટ્રાક્ટરની કામગીરી પર અનેક સવાલો ઉભા થયા

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં આજે ૪૯ તાલુકામાં વરસાદ વરસ્યો છે. સવારે ૬ થી ૨ વાગ્યા સુધીમાં ૪૯ તાલુકામાં મેઘમહેર થઈ છે. નવસારી, મુંદ્રા, ચીખલી, ખેરગામ, ધરમપુર, મહુવા, પારડી, વલસાડ, વાલોડ, નંત્રંગ, ગણદેવી, સોનગઢ, વ્યારામાં સવા બે ઈંચથી પોણા બે ઈંચ વરસાદ થવા પામ્યો છે. જ્યારે ધોરાજીમાં ૧ ઈંચ વરસાદ નોંધાયો છે. તેમજ કડાણામાં ૧ ઈંચ અને લાઠીમાં પોણો ઈંચ વરસાદ નોંધાયો છે.

બોટાદ શહેરનાં અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે. ત્યારે શહેરનાં પાળીયાદ રોડ પર પાણી ભરાયા હતા. જ્યારે મહિલા કોલેજ પાસે વરસાદી પાણી ભરાયા હતા. જેથી રસ્તા પરથી પસાર થતી મહિલાઓને ભારે તકલીફ ભોગવવી પડી હતી. ત્યારે બપોર બાદ શહેર સહિત જીલ્લામાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો.

બોટાદ જીલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. એક દિવસનાં વિરામ બાદ મેઘરાજાનું ફરી આગમન થયું છે. જેમાં બોટાદ, રાણપુર, ગઢડા, ઢસા સહિતનાં તાલુકા પંથકમાં વરસાદ વરસ્યો હતો. તેમજ લાખણકા, ઈશ્વરીયા, ખોપાળા, પાળીયાદ, તરઘરા, ઉગામેડી સહિતનાં ગામોમાં પણ મેઘરાજા મન મુકીને વરસ્યા હતા. વાવાણી લાયક વરસાદ થતા ખેડૂતોમાં ખુશીની લહેર વ્યાપી જવા પામી હતી. વલસાડની ધરમપુર નગરપાલિકાની પ્રિ-મોન્સુન કામગીરી પર સવાલ ઉભા થયા છે.

જેમાં પ્રથમ વરસાદમાં પણ ધરમપુરમાં પાણી ભરાયા હતા. નીચાણવાળા રસ્તાઓ પર પાણી ભરાઈ જતા લોકોને આવવા જવામાં ભારે તકલીફ પડી હતી. સ્ટેટ હોસ્પિટલ સામેનાં રસ્તા પર પાણી ભરાતા વાહન ચાલકો અને રાહદારીઓની મુશ્કેલીમાં વધારો થયો હતો.

અમરેલીનાં ધારી અને બગસરા પંથકમાં વરસાદ પડ્યો હતો. સતત ચોથા દિવસે બગસરામાં વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો. ચોથા દિવસે પણ મેઘ મહેરનાં કારણે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડતાં પાણી ભરાયા હતા. ત્યારે ગ્રામ્ય વિસ્તાર ડેરી પીંપરીયા, માવજીંજવા, હડાળા, બાલાપુર સહિતનાં ગામોમાં વરસાદ પડતા ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા હતા.

સુરત જીલ્લાનાં મહુવા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તાર કરચેલિયા, વલવાડા, મહુવરીયા સહિતનાં ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. ત્યારે હવામાન વિભાગે ૪ દિવસ ભારે વરસાદની આગાહી કરી છે.

સુરતમાં મહાનગર પાલિકાની વધુ એક બેદરકારી સામે આવી છે. જેમાં કડોદરામાં એક મહિનાં પહેલા બનાવવામાં આવેલ અંડરપાસમાં ભૂવો પડ્યો છે.

ત્યારે અંડરપાસ માટે બનાવેલી ડ્રેનેજ ગટર લાઈનમાં ભુવો પડ્યો છે. હજુ એક મહિના પહેલા કડોદરામાં અંડરપાસ બનાવવામાં આવ્યો હતો. ૧૧૦ કરોડનાં ખર્ચે બનાવવામાં આવેલ અંડરપાસમાં એક મહિનાં પહેલા જ ભુવો પડતા કોન્ટ્રાક્ટરે કરેલી કામગીરી પર અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

### વિદેશ પ્રધાન એસ જયશંકર રીપિટ થઈ શકે છે

# ગુજરાતમાં ૨૪ જુલાઇએ રાજ્યસભા ની ૩ બેઠક માટે ચૂંટણી

## ગુજરાતની અન્ય ૨ બેઠક પર ભાજપ નવા ઉમેદવાર મુકે તેવી શક્યતા છે, તેમજ જુગલજી ઠાકોર, દિનેશ અનાવડીયાને સ્થાને નવો ચહેરો આવી શકે છે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં ૨૪ જુલાઈએ રાજ્યસભાની ૩ બેઠક માટે ચૂંટણી યોજાશે. જેની માટે કેન્દ્રીય ચૂંટણી પંચ ૦૬ જુલાઈએ જાહેરનામું બહાર પાડશે. ગુજરાતની ૩ રાજ્યસભા બેઠકો માટે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ૨૪ જુલાઈએ ૩ રાજ્યોની ૧૦ રાજ્યસભા બેઠકો માટે ચૂંટણી યોજાશે. ૨૪ જુલાઈએ સાંજે ૫ વાગે પરિણામ જાહેર કરવામાં આવશે. જેની માટે ૬ જુલાઈએ ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવશે. તેમજ ૧૩ જુલાઈએ ચૂંટણીના ફોર્મ ભરવાનો અંતિમ દિવસ છે.

જેમાં મળતી માહિતી મુજબ ગુજરાતમાંથી વિદેશ પ્રધાન એસ જયશંકર રીપિટ થઈ શકે છે. જ્યારે ગુજરાતની અન્ય ૨ બેઠક પર ભાજપ નવા ઉમેદવાર મુકે તેવી શક્યતા છે. તેમજ જુગલજી ઠાકોર, દિનેશ અનાવડીયાને સ્થાને નવો ચહેરો આવી શકે છે.

### પહેલી જુલાઈથી સામાન્ય લોકોને અસર કરતા કેટલાક નિયમો બદલાશે

# ગેસની કિંમતોમાં ફેરફાર થશે, વિદેશમાં ક્રેડિટ કાર્ડના ઉપયોગ પર ૨૦ ટકા ટીડીએસ

નવી દિલ્હી, તા.૨૭

હવે જૂન મહિનો પુરો થવા આવ્યો છે અને જૂલાઈ મહિનાની શરુઆતથી નવા નિયમો લાગુ થવા જઈ રહ્યા છે. આવામાં દરેક વખતની જેમ આ વખતે પણ કેટલાક નિયમોમાં ફેરફાર આવી રહ્યો છે.

જેમાં રસોઈગેસ, કોમર્શિયલ ગેસ, સીએનજી- પીએનજી સહિત કેટલીક ચીજોના નવા ભાવ અને નિયમોમાં ફેરફાર થવાનો છે. જુલાઈ મહિનાથી આ ફેરફારના કારણે સામાન્ય જનતા પર તેનો બોજ પડશે.

દેશની સરકારી તેલ કંપનીઓની દર મહિને એલપીજી ગેસની કિંમત નક્કી કરવામાં આવે છે અથવા તેમા સુધારો કરવામાં આવે છે. આ વખતે પણ ૧ તારીખે એલપીજી ગેસની કિંમતમા ફેરફાર થવાની સંભાવના રહેલી છે. મે અને એપ્રિલ દરમ્યાન ૧૯ કિલોનો કોમર્શિયલ વપરાશવાળા ગેસ સિલેન્ડરની કિંમતમાં ઘટાડો કરવામાં આવી હતી, પરંતુ ૧૪ કિલોવાળા ગેસ સિલેન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નહોતો. જેના કારણે આ વખતે તેમા સંભાવના લાગી રહી છે કે રસોઈ ગેસની કિંમતમાં ઘટાડો થઈ શકે છે. વિદેશમાં ક્રેડિટ કાર્ડ દ્વારા કરવામાં આવતા ખર્ચ પર ટીડીએસ લાગુ કરવામાં આવનારો છે, જે ૧ જૂલાઈ ૨૦૨૩થી લાગુ થઈ જશે.

જેના કારણે ૭ લાખથી વધારેના ખર્ચ પર ૨૦ ટકા ટીડીએસ ચાર્જ વસુલ કરવામાં આવશે. પરંતુ શિક્ષણ અને આરોગ્ય માટે આ ચાર્જને ઘટાડીને ૫ ટકા સુધી કરવામાં આવશે. તો દેશમાં શૈક્ષણિક હેતુ માટેની લોન પર આ ચાર્જ ઘટાડીને ૦.૫ ટકા રહી જશે.

### દ. ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

# ગુજરાતના ૦૬ જળાશય હાઈ એલર્ટ પર, NDRFની ટીમો તૈનાત

## રાજ્યમાં ૨૦૬ જળાશયો પૈકી ૦૬ જળાશય હાઈ એલર્ટ, ૦૩ એલર્ટ, ૦૧ વોર્નિંગ પર છે

નવસારી, તા.૨૭

રાહત કમિશનર આલોકકુમાર પાંડેના અધ્યક્ષસ્થાને આજે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર- SEOC ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અને તે માટે તમામ વિભાગોની તૈયારી અંગે સમીક્ષા કરી રાહત કમિશનર દ્વારા તમામ વિભાગોને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતા.

આ બેઠકમાં IMDના અધિકારી દ્વારા વરસાદની સ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું કે, ચાલુ સપ્તાહ દરમ્યાન સમગ્ર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. તા.૨૮/૦૬/૨૦૨૩ થી તા.૩૦/૦૬/૨૦૨૩ દરમ્યાન દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડ જીલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની સંભાવના છે.

સિંચાઈ વિભાગના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું કે, રાજયમાં ૨૦૬ જળાશયો પૈકી ૦૬ જળાશય હાઈ એલર્ટ, ૦૩ એલર્ટ, ૦૧ વોર્નિંગ પર છે.

એન.ડી.આર.એફ તથા એસ.ડી.આર.એફ.ના અધિકારી દ્વારા જણાવેલ છે કે, ચોમાસામાં વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા ડીપ્લોયમેન્ટ પ્લાન તૈયાર કરી લેવામાં આવ્યો છે અને તમામ ટીમોને એલર્ટ મોડ પર રાખવામાં આવી છે. આ બેઠકમાં GSDMA, CWC, કૃષિ, આરોગ્ય, ફોરેસ્ટ, બાયસેગ, જી.એમ.બી.,પંચાયત, કોસ્ટ ગાર્ડ, ઈસરો, ઉર્જા, ફીશરીઝ, માર્ગ અને મકાન, GSRTC, એરફોર્સ, ફાયર, યુ.ડી.ડી., ICDS, પશુપાલન, BSF, અન્ન અને નાગરિક પુરવઠા અને માહિતી વિભાગના નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલામાં વરસાદના આગમનથી ખુશીઓનો માહોલ છવાયો



આવરે વરસાદ ઢેબરિયો પ્રસાદ, ઊની ઊની રોટલીને કારેલાનું શાક..!! આજરોજ સાવરકુંડલા શહેરમાં વાવણીલાયક વરસાદ.. ખેડૂતોમાં ખુશીનો માહોલ.. આમ જનતા પણ ખુશ.. ભલે ભીંજાઈએ પણ આ વરસાદ હવે મીઠો મધ લાગે છે. શહેરોના રસ્તા પાણી પાણી.. તાપમાનનો પારો નીચે ઊતરતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી. આવા વરસાદી વાતાવરણ વચ્ચે બાળકો પણ ખુશ અને યુવાનો હિલોળે. ઠેર ઠેર ફરસાણની દુકાનોમાં લસણીયા ગાંઠીયા બનતાં જોવા મળેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ખાંભાનાં જામકા ગામે

હાઈસ્કુલ ગ્રાઉન્ડ ઝીરો પર તપાસ કરીને સરકારની વાહ વાહી કરતા તંત્રના બાબુઓને અરીસો બતાવવાનો નિર્દોષ પ્રયાસ કરવામાં આવ્યો છે.

ખાંભા ગીરનું જામકા ગામની ૮ હજારની વસ્તી ધરાવતા જામકા ગામમાં ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨ માટે હાઈસ્કુલ ૨૦૧૬ માં સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી ને ૨૦૧૭ થી ધોરણ ૯ થી ઉચ્ચતર માધ્યમિકનો અભ્યાસ શરૂ કરવામાં આવ્યો પણ કરમની કઠણાઈ એ છે કે આજે ૭ વર્ષના વાણા વીતી ગયા હોવા છતાં પણ આજદિન સુધી હાઈસ્કૂલનું બિલ્ડિંગ બન્યું નથી. ધોરણ ૧૦થી ૧૨ ના વિદ્યાર્થીઓને પ્રાથમિક શાળાના ૨ ઓરડામાં બેસીને અભ્યાસ કરાવવામાં આવે છે તો ધોરણ ૯ અને ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓને સામે આવેલ પંચમુખી હનુમાનજીના મંદિર અને ઉદાસીન આશ્રમમાં ખુલ્લા શેડમાં ધોરણ ૧૧ નું અભ્યાસ વરસાદી વાતાવરણ વચ્ચે બેસાડવાની મજબૂરી છે. તો ધોરણ ૯ ના બે વર્ગને આશ્રમના ધુણા નજીક ભણાવવાની મજબૂરી વચ્ચે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે ને કન્યા કેળવણીની વાતો કરતી સરકાર સામે વિદ્યાર્થિની સુમીતા વણઝર અને કાજલ બાબરીયાએ હૈયા વરાળ ઠાલવી હતી. શિક્ષણમાં ગુજરાત અગ્રેસરની વાતો વચ્ચે આશ્રમમાં શાળા ચાલતી હોય ત્યારે વાલી સાર્દુલભાઈ આહીર અને સરપંચ પતિ દડુભાઈ પરમાર દ્વારા અનેક રજૂઆતો તંત્ર અને સરકારના બહેરા કાને અથડાતી હોવાની હૈયા વરાળો જણાવી હતી. સાત સાત વર્ષથી સરકારી તંત્ર હાઈસ્કૂલનું બિલ્ડિંગ નિર્માણ નથી કરી શકી અને જિલ્લા શિક્ષણાધિકારી કે.વી. મિયાણી દ્વારા પ્રાથમિક શાળામાં બેસાડીએ છીએ ને બિલ્ડિંગ બનાવવાની કામગીરી ચાલુ હોવાના ગીત ગાયા હતા. ત્યારે એક તરફ ભણસે ગુજરાત ખેલે ગુજરાતની વાતો વચ્ચે જામકાના ૨૩૦ જેટલા વિદ્યાર્થીઓને આશ્રમમાં બેસીને અભ્યાસ કરવો પડતો હોય તે ગાંધીના ગુજરાતમાં શિક્ષણ વિભાગ માટે શરમજનક કહેવાય.

પાના ૧ ઉપરનું ચાલું

## ખેડૂત માતા અને પુત્રની

વયોવૃદ્ધ ૯૫ વર્ષના અપંગ માતા દૂધીબેન જીવરાજભાઈ સુહાગિયા અને ૭૦ વર્ષના દીકરા સુરેશ જીવરાજભાઈ સુહાગીયાની કોઈ અજાણ્યા શખ્શો દ્વારા ગઈકાલે રાત્રીના સમય દરમ્યાન તિક્ષણ હથિયારના ઘા મારીને ઈજાઓ કરી મોત નિપજાવ્યું હોવાનું જણાતું હતું.

મૃતક વયોવૃદ્ધ માતા બન્ને પગે અપંગ હોય ને તેમની હત્યા માથાના ભાગે ઈજાઓ કરીને તેમના ખાટલામાં જ હત્યા કરી નાખી હતી. જયારે પુત્ર સુરેશ સુહાગીયાની હત્યા વાડીમાં આવેલ એક વૃક્ષ નીચે ગળામાં ઘાતક હથિયારથી ઘા કરી અને માથાના ભાગે કુહાડી જેવા હથિયારના ઘા મારીને હત્યા કરી હતી. પોલીસ દ્વારા ડબલ મર્ડરની ઘટના અંગે જીણવટ ભરી તપાસ હાથ ધરી હતી.

ખાંભા તાલુકાના પાટી ગામની સીમમાં વાડી ખેતરોમાં વૃદ્ધ માતા અને પુત્રની હત્યા અંગે નાયબ પોલીસ અધિક્ષક હરેશ વોરાએ જણાવ્યું કે ૨૦૨૧માં મૃતક સુરેશ સુહાગીયાના ભાઈ અરવિંદભાઈની પણ શેઢા પાડોશી ભાગિયાએ હત્યા કરી હતી. મૃતક સહિત ચાર ભાઈઓમાં એકનું અગાઉ મૃત્યુ થયેલ છે જયારે એક ભાઈ માનસિક રીતે અસ્વસ્થ મગજના હોય. આ બનાવમાં કોણે હત્યા કરી, શા માટે કરી તે અંગે અલગ અલગ ૭ ટીમ દ્વારા તપાસ થઈ રહી છે. ત્યારે જિલ્લામાં ટૂંકા દિવસોમાં ૧૦ હત્યાની ઘટનાથી પોલીસ તંત્ર દોડતું થઈ ગયું છે.

પાના ૧ ઉપરનું ચાલું

## દીકરીઓનાં હિતાર્થે છાત્રાલયનો પ્રારંભ

ચંદ્રકાંત વોરા(મુંબઈ) ૧૦૦૦૦૦ એક લાખ રૂપિયા, અશોકભાઈ રાવળ ૫૦૦૦૦/– પચ્ચાસ હજાર રૂપિયા, ડો. દેવલ ભરતભાઈ ચૌહાણ ૫૦૦૦/– પાંચ હજાર રૂપિયા, ચંપાબેન આણંદજી ચે.ટ્રસ્ટ દર મહિને ૩૦૦૦/– ત્રણ હજાર રૂપિયા, ગોપાલ ફરસાણ મગનભાઈ ૫૧૦૦/– એકાવન સો, રેખાબેન નારણભાઈ રાઠવા ૩૦,૦૦૦/– ત્રીસ હજાર રૂપિયા બે દીકરી દત્તક ડો. મોહક અશોકકુમાર ઠક્કર(અમદાવાદ) ૧૧૦૦૦/– અગિયાર હજાર રૂપિયા, શિવ શકિત મહિલા મંડળ (અમરેલી) ૨૧૦૦/– એકવીસો રૂપિયા, કંચનબેન અમ્રતલાલ સેલાણી ૨૧૦૦/– એકવીસો રૂપિયા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડોલરભાઈ રાજયગુરૂએ કરેલ. સંસ્થાને મળતું દાન ૮૦ જી હેઠળ કર મુકત છે. સંસ્થાને દાનની આવશ્યકતા છે. તેમ તેથી ઉદાર હાથે ફાળો આપવા માટેની અપીલ ઉષામૈયાનાં આશીર્વાદ સાથે અપીલ કરે છે. સંસ્થાનાં શૈલેષભાઈ સોલંકી સંસ્થાનું વહીવટી કાર્ય સંભાળશે.

પાના ૧ ઉપરનું ચાલું

## વીંછીએ દંશ મારતા મોત

નામનાં ૩૦ વર્ષિય યુવક ગત તા. ૨૪નાં રોજ રાત્રે સાંજણટીબા ગામે અનિલભાઈ મેતરાની વાડીએ સુતા હતા ત્યારે રાત્રીનાં ૧૧ વાગ્યાનાં સમયે મરણ જનાર આર્યનભાઈને જમણા હાથની આંગળીમાં વીંછીએ દંશ મારતા તેમને પ્રથમ લીલીયા, અમરેલી અને વધુ સારવાર માટે રાજકોટ દવાખાને ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

પાના ૧ ઉપરનું ચાલું

## કપાસનો પોષણક્ષમ ભાવ આપો

સંસ્થાઓના પ્રતિનિધિઓ લઈ જતા હોય છે. સૌરાષ્ટ્રમાં દર વર્ષે મગફળી, કપાસ અને બીજા કઠોળ તેમજ ધાન્યોનું વાવેતર કરવામાં આવતું હોય છે. ખેતરોમાંથી જયારે ઉત્પાદિત જણસો બજારમાં લાવવામાં આવે ત્યારે પૂરતો ભાવ ન મળવાને કારણે કિસાનોને ખેતીમાં થતા ખર્ચાઓ મોંઘા પડે છે.

દર સાલ જોવા જઈએ તો કિસાનો કપાસના વાવેતર ઉપર વધુ ધ્યાન આપતા હોય છે. ચાલુ સાલમાં કપાસના ભાવ ઠીક–ઠીક રહ્યા હતા. જયારે છેલ્લા એકાદ–ત્રણ મહિનાથી ભાવ તળિયે જતા કિસાનો મુંજવણમાં મુકાઈ ગયા છે. સરકારમાં બેઠેલા જનતાના પ્રતિનિધીઓ ધારાસભ્યો–સાંસદો આ બધું જાણે છે. છતાં કિસાનોની તરફેણમાં અવાજ ઉઠાવતા ન હોય કિસાનોને કપાસના પોષણક્ષમ ભાવ મળી રહે એવી માંગ લાઠી તાલુકાના પાડરશીંગા ગામના યુવા કિસાન કાળુભાઈ શેખડાએ કરી છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૬૦ | ૧૫૨૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૨૦ | ૧૪૫૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૪૦ | ૧૮૮૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૩૨૩૬ |
| ૬ | તલ કાળા | ૨૦૧૦ | ૩૩૦૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૩૩૬૫ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૪૩૫ |
| ૯ | જુવાર | ૫૬૩ | ૧૧૮૬ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૧૩ | ૪૯૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૩૯ | ૪૭૫ |
| ૧૨ | મગ | ૧૨૭૫ | ૧૪૫૬ |
| ૧૩ | અડદ | ૭૧૦ | ૧૮૪૫ |
| ૧૪ | ચણા | ૬૦૦ | ૧૦૧૧ |
| ૧૫ | ચણા દેશી | ૬૦૦ | ૯૦૪ |
| ૧૬ | તુવેર | ૭૮૫ | ૧૬૭૦ |
| ૧૭ | કપાસ | ૯૫૮ | ૧૪૪૦ |
| ૧૮ | એરંડા | ૧૦૧૨ | ૧૧૩૮ |
| ૧૯ | જીરૂ | ૮૭૦૦ | ૧૨૩૦૦ |
| ૨૦ | રાય | ૮૬૦ | ૧૧૪૦ |
| ૨૧ | ધાણા | ૭૯૦ | ૧૨૨૫ |
| ૨૨ | અજમા | ૪૪૫૦ | ૪૪૫૦ |
| ૨૩ | સોયાબીન | ૯૩૮ | ૯૬૩ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૧૨૩૦ | ૧૪૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૪૯૦ | ૨૮૦૦ |
| ૪ | ઘઉં | ૪૦૮ | ૫૧૨ |
| ૫ | ચણા | ૮૯૪ | ૯૫૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૫૧૧ |
| ૩ | શીંગદાણા | ૧૮૫૧ | ૨૪૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૨૬૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૩૨૦ |
| ૬ | જીરૂ | ૧૦૨૦૦ | ૧૧૫૫૦ |
| ૭ | કપાસ | ૧૨૦૦ | ૧૪૩૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૩૭ | ૫૦૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૩૫ |
| ૧૦ | બાજરો | ૩૭૫ | ૪૪૦ |
| ૧૧ | જુવાર | ૬૨૫ | ૧૦૧૧ |
| ૧૨ | મકાઈ | ૪૭૫ | ૬૬૦ |
| ૧૩ | મગ | ૧૪૬૦ | ૧૭૦૯ |
| ૧૪ | ચણા | ૮૪૫ | ૯૬૭ |
| ૧૫ | તુવેર | ૧૪૨૫ | ૧૮૦૦ |
| ૧૬ | એરંડી | ૯૫૧ | ૧૧૪૫ |
| ૧૭ | મેથી | ૯૦૦ | ૧૦૫૬ |
| ૧૮ | રાય/રાયડો | ૭૯૫ | – |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૮ |
| ૨૦ | સોયાબીન | ૮૫૦ | ૯૫૬ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૧ | ૧૪૨૫ |
| ૨ | જુવાર સફેદ | ૯૬૬ | ૧૧૨૬ |
| ૩ | તલ સફેદ | ૩૦૮૧ | ૩૧૧૧ |
| ૪ | મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૪૦૦ |
| ૬ | તુવેર | ૮૫૦ | ૧૧૭૬ |
| ૭ | ધાણા | ૯૦૦ | ૯૦૦ |
| ૮ | જીરૂ | ૯૫૦૦ | ૯૫૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૧૦ |
| ૨ | ધાણા | ૯૦૫ | ૧૧૭૦ |
| ૩ | ચણા | ૬૫૫ | ૯૪૨ |
| ૪ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૦ |
| ૫ | મેથી | ૯૫૦ | ૧૧૬૦ |
| ૬ | સોયા | ૯૦૦ | ૯૪૮ |
| ૭ | મગફળી | ૧૨૦૦ | ૧૪૦૫ |
| ૮ | શીંગ દાણા | ૧૫૯૫ | ૨૦૦૨ |
| ૯ | તલ સફેદ | ૨૭૭૫ | ૩૧૫૦ |
| ૧૦ | તલ કાળા | ૨૪૦૦ | ૨૮૯૦ |
| ૧૧ | શીંગ ફાડા | ૧૭૦૦ | ૧૯૦૦ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૪૫૧ |
| ૧૩ | તુવેર | ૧૫૯૦ | ૧૫૯૦ |
| ૧૪ | રાય | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૬ | અડદ | ૧૩૭૫ | ૧૩૭૫ |
| ૧૭ | મકાઈ | ૬૨૬ | ૬૨૬ |
| ૧૮ | મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૯ | રજકા બી | ૨૯૦૦ | ૨૯૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૨૧૫ | ૧૨૬૬ |
| ૨ | ઘઉં | ૩૯૫ | ૪૬૦ |
| ૩ | ચણા | ૮૫૦ | ૯૫૧ |
| ૪ | ૃસફેદ ચણા | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ૫ | ધાણા | ૧૦૫૦ | ૧૨૦૫ |
| ૬ | સફેદ તલ | ૩૦૧૦ | ૩૧૧૦ |
| ૭ | કાળા તલ | ૨૭૦૫ | ૨૭૦૫ |
| ૮ | જુવાર | ૯૦૦ | ૯૦૦ |
| ૯ | સોયાબીન | ૯૦૬ | ૯૫૫ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૨૫૬ | ૧૭૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૦૦ | ૧૩૭૦ |
| ૨ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૧૦૫ |
| ૩ | તલ કાળા | ૨૬૦૩ | ૨૬૦૩ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૪૨૧ |
| ૫ | બાજરો | ૪૧૫ | ૪૫૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૦૫ |
| ૭ | જુવાર | ૭૫૦ | ૧૨૫૧ |
| ૮ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૯ | ધાણા | ૫૫૦ | ૬૦૧ |
| ૧૦ | અજમા | ૨૪૦૦ | ૨૪૦૦ |
| ૧૧ | તુવેર | ૧૭૧૧ | ૧૭૧૧ |
| ૧૨ | ચણા | ૬૫૦ | ૯૮૫ |
| ૧૩ | શીંગદાણા | ૧૫૦૧ | ૨૦૫૧ |
| ૧૪ | સોયાબીન | ૯૬૦ | ૯૬૦ |

# અમરેલીમાં નિર્માણાધીન તપોવન આશ્રમમાં દર રવિવારે ગાયત્રી યજ્ઞ



પ્રસિધ્ધ સામાજિક યુવા સંસ્થા સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા ઉતરાર્ધમાં પહોંચેલા અસહાય બુઝર્ગોનો આધારસ્તંભ બનવાના શુભ સંકલ્પ સાથે યુવા અગ્રણી મુકેશ સંઘાણીનાં માર્ગદર્શન તળેનાં સારહિ તપોવન આશ્રમ એક નવતર પ્રયાસ સાથે હિંદુ સંસ્કૃતિ અને ઋષિપરંપરાગત દર રવિવારનાં રોજ સવારનાં વિદ્વવાન આચાર્યો દ્વારા સંપૂર્ણ આધ્યાત્મિક અને ધાર્મિક વાતાવરણ વચ્ચે વિધિ– વિધાન– મંત્રોચ્ચાર સાથે ગાયત્રી પરિવારનાં આચાર્ય હરેશભાઈ જાની, ભાષ્કરભાઈ તળાવીયા દ્વારા યજ્ઞ કરવામાં આવે છે. હિંદુ સંસ્કૃતિનું જતન, સૃષ્ટિનું કલ્યાણ અને લોકોમાં ધર્મભાવનાનો લાભ–વ્યાપ વધે તેવા શુભ સંકલ્પો સાથે દર રવિવારે યોજાતા ગાયત્રી યજ્ઞમાં સૌ પરિવાર સાથે સામેલ થાય તે માટે અમરેલી શહેર ભાજપ મહામંત્રી રાજેશ માંગરોળીયાએ જણાવેલ. ગત સત્વરે રાજેશભાઈ માંગરોળીયા, મયંકભાઈ માંગરોળીયા, કૃણાલભાઈ કાનાણી સહિતનાં પરિવારે ગાયત્રી યજ્ઞમાં સામેલ થઈ ધર્મલાભ લીધો હોવાનું સંસ્થાની યાદીમાં જણાવાયેલ છે.

# બાબરામાં પંચકુંડ ખાતે શહેર/તાલુકા યુવા ભાજપ દ્વારા મહારકતદાન કેમ્પ યોજાયો


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

ભારતીય જનતા યુવા મોરચા ગુજરાત દ્વારા પ્રેરિત ભારતીય જનસંઘના સંસ્થાપક ડોકટર શ્યામા પ્રસાદ મુખર્જીના બલિદાન દિવસે બાબરામાં પંચકુંડે શ્રી નીલકંઠ મહાદેવના સાનિધ્યમાં શહેર અને તાલુકા યુવા ભાજપ દ્વારા મહારકતદાન શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેર અને તાલુકા રકતદાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું અને કુલ ૫૬ જેટલી બોટલ રકતની એકઠી કરવામાં આવી હતી. શહેર અને તાલુકા યુવા ભાજપ દ્વારા આયોજીત આ રકતદાન કેમ્પમાં અમરેલી જિલ્લાના સાંસદ નારણભાઈ કાછડીયા, બાબરા લાઠી ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ યુવા મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રશાંતભાઈ કોરાટ તેમજ રાષ્ટ્રીય યુવા મોર્ચા ઉપાધ્યક્ષ મનીષભાઈ સંઘાણી તથા અમરેલી જિલ્લા યુવા મોર્ચા મહામંત્રી જગદીશભાઈ નાકરાણી તથા જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન નીતિનભાઈ રાઠોડ, બાબરા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરિયા, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોળિયા, બાબરા શહેર અને તાલુકાના ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓ સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા અને રકતદાતાઓને બિરદાવવામાં આવ્યા હતા. તેમજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા આ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. રકતદાતાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રકતદાન કર્યુ હતું. આ સૌ મિત્રોનો બાબરા શહેર યુવા મોરચાના પ્રમુખ હરેશભાઈ આખજા અને તાલુકા યુવા ભાજપના પ્રમુખ અમરશી વાઘેલાના નેતૃત્વમાં રકતદાન કેમ્પને સફળ બનાવવા યુવા ભાજપના કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

### જિલ્લા વિદ્યાસભા સંચાલિત

## અમરેલીની માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનું બી.એ. સેમ.૪નું ઉજજવળ પરિણામ

### ટ્રસ્ટીઓ અને સ્ટાફગણે શુભેચ્છા પાઠવી



| પ્રાપ્ત ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | ટકાવારી | ગામ | મુખ્ય વિષય |
|---|---|---|---|---|
| પ્રથમ | મકવાણા સમા વિનુભાઈ | ૭૯.૦૦% | ચિતલ | સંસ્કૃત |
| દ્વિતીય | સોલંકી જાગૃતિ પ્રેમજીભાઈ | ૭૭.૮૮% | નાનાબારમણ | સમાજશાસ્ત્ર |
| તૃતિય | મકવાણા ક્રિષ્ના રમેશભાઈ | ૭૬.૩૮% | અમરેલી | અંગ્રેજી |

અમરેલી, તા. ૨૭

અમરેલી શહેરની મધ્યમાં, ચિત્તલ રોડ ઉપર છેલ્લા ૩૨ વર્ષથી કાર્યરત, શિક્ષણક્ષેત્રે તથા સામાજિક સેવાના ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરતી, માતુરી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એપ્રિલ ૨૦૨૩ માં આયોજિત બી.એ. સેમ. ૦૪ ની પરીક્ષામાં નીચે દર્શાવેલ વિદ્યાર્થીનીઓએ પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

કુલ પાસ થયેલ ૧૫૬માંથી ૧૨૯ વિદ્યાર્થીનીઓએ ફર્સ્ટ કલાસ અને ડિસ્ટીંકશન મેળવીને સંસ્થાને વિશેષ ગૌરવ પ્રાપ્ત કરાવ્યું છે. ઉતીર્ણ થનાર તમામને તથા વિશેષ સિદ્ધી પ્રાપ્ત કરનાર પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીનીઓને અમરેલી જિલ્લા વિદ્યાસભાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી કિશોરભાઈ મહેતા, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ તથા કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલ, ઈન્ચાર્જ આચાર્ય ડો. બી.આર. ચુડાસમાં તથા સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

## લીલીયા મોટાનાં તલાટી કમ મંત્રી વય મર્યાદાથી નિવૃત થતાં વિદાય અપાઈ



લીલીયામોટા, તા. ૨૭

લીલીયામોટામાં ગ્રામ પંચાયત કચેરી રેવન્યુ વિભાગમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી આર. એ. પઠાણ વય મર્યાદાથી નિવૃત્ત થતા લીલીયા સરપંચ જીવનભાઈ દ્વારા બહાદુરભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને ભવ્ય વિદાયમાન હોટલ વિશાલમાં રાખવામાં આવેલ. જેમાં નાયબ મામલતદાર રાદડીયા, એટીડીઓ કિશોરભાઈ આચાર્ય, લીલીયા પી.એસ.આઈ. એસ. આર. ગોહિલ, તલાટી કમ મંત્રી બિંદુબેન ડાભી, ચાર્મીબેન, વિજય કોગથીયા, રાજુભાઈ ભેડા તેમજ લીલીયા તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત સ્ટાફ, ગ્રામ પંચાયત સદસ્યો ઉપસ્થિત રહી સાકર પડો આપી ભવ્ય વિદાયમાન આપવામાં આવેલ વિદાયની વેળાએ સરપંચ જીવન ભાઈ વોરા દ્વારા આર.એ.પઠાણની કામગીરી વિશે માહિતી આપેલ તેમજ નિવૃત્તિનો સમય સારા કાર્યો તેમજ ખુદાની બંદગીમાં વિતાવે તેવી અત્રેથી ઉપસ્થિત મહાનુભાવોએ શુભકામના પાઠવવામાં આવેલ.

### લિથિયમ-આયન બેટરીના ઉત્પાદક વૈજ્ઞાનિક

## નોબેલ વિજેતા પ્રો. જહોન બી ગુડએનફનું ૧૦૦ વર્ષે નિધન

### ગુડએનફને વિશિષ્ટ લિથિયમ-આયન બેટરી, રિચાર્જેબલ પાવર સોર્સના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન માટે રસાયણ વિજ્ઞાન ૨૦૧૯ નોબેલ એવોર્ડ આપવામાં આવ્યો

ન્યૂયોર્ક, તા.૨૭

નોબેલ એવોર્ડ વિજેતા અને લિથિયમ-આયન બેટરીના ઉત્પાદક વૈજ્ઞાનિક પ્રોફેસર જહોન બી ગુડએનફનું નિધન થયું હતું. તેઓ ૧૦૦ વર્ષે દુનિયાને અલવિદા કહી છે. તેઓ ટેક્સાસ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના પ્રોફેસર તરીકે કાર્યરત હતા.

પ્રો. જહોન બી ગુડએનફને વિશિષ્ટ લિથિયમ-આયન બેટરી, રિચાર્જેબલ પાવર સોર્સના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન માટે રસાયણ વિજ્ઞાન ૨૦૧૯ નોબેલ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ સ્રોત સૌથી આધુનિક પોર્ટેબલ ટેક્નિકલ સાધનો સાથે ઈલેક્ટ્રીક અને હાઈબ્રિડ કારોને શક્તિ પ્રદાન કરે છે. તેઓ



લિથિયમ-આયન બેટરી પર ઓક્સફોર્ડ યુનિવર્સિટીના પ્રયોગમાં લાંબા સમય સુધી શોધ કરે છે. ત્યારપછી ૧૯૮૦ માં સ્માર્ટફોન, લેપટોપ અને કમ્પ્યુટરના વિકાસની મંજૂરી મળી. હતી.

જીવરક્ષક દવાઓમાં પણ તેમના બેટરિયન્સનો ઉપયોગ થતો હતો. ટેસ્લા જેવી ઘણી કંપનીઓ તેમની બેટરીનો ઉપયોગ કરે છે. પ્રો. જહોન બી ગુડએનફ કી બેટરિયન્સ કા ઉપયોગ કાર્ડિયક ડિફાઈબ્રીલેટર જેમ લાઈફ મેડિકલ સાધનો પણ દર્શાવવામાં આવ્યા છે. વિજ્ઞાનિક ગુડએનફ કો બેટરીના કામ માટે કોઈ રોયલ્ટી નથી મળી. મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલોજી, ઓક્સફોર્ડ અને ટેક્સાસ યુનિવર્સિટીમાં એક વિજ્ઞાની અને પ્રોફેસર તરીકે તેઓ છ દાયકા સુધી સેવાઓ આપે છે. તેમણે આખરી સમય સુધી સહકર્મીઓની સાથે પેટેંટ શેર કર્યું અને તમારા પુરસ્કારો, સંશોધન અને શિષ્યદાન માટે દાન કર્યું.

## બગસરા શરાફી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિની રકમ ચૂકવાઈ

બગસરા, તા. ૨૭

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. ની બગસરા શાખાના સભાસદ રતિભાઈ કનુભાઈ ગજેરાનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂપિયા ૨૫૦૦૦/- નો ચેક અર્પણ કરવામાં આવેલ.

આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિતેશભાઈ ડોડીયા, શાખા એમ.ડી. હરિભાઈ



ભટ્ટી, એડવાઈઝરી બોર્ડ મેમ્બર દિનેશગીરી ગોસાઈ, જનરલ સેક્રેટરી ડી.જી મહેતા, શાખા સેક્રેટરી હેમેન્દ્રભાઈ કટેશીયા સહિતની ઉપસ્થિતિમાં વિમા નિધિનો ચેક ચૂકવવામાં આવેલ.




### સ્પેશિયલ ઓલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓનો દબદબો

## બર્લિન સ્પેશિયલ ઓલિમ્પિકમાં ભારતે ૭૬ ગોલ્ડ સાથે ૨૦૨ મેડલ જીત્યા

### ભારતીય ટુકડીમાં ૧૯૮ એથ્લેટ્સ અને યુનિફાઇડ પાર્ટનર્સ હતા જેમણે ૧૬ રમતોમાં ભાગ લીધો હતો

બર્લિન, તા.૨૭

ભારતે અહીં સ્પેશિયલ ઓલિમ્પિકસ વર્લ્ડ ગેમ્સમાં ૭૬ ગોલ્ડ સહિત ૨૦૨ મેડલ જીતીને તેઓનું અભિયાન પૂરું કર્યું હતું.

ભારતીય ખેલાડીઓએ રવિવારે સ્પર્ધાના અંતિમ દિવસે બે ગોલ્ડ, ત્રણ સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ સાથે ટ્રેક ઈવેન્ટ્સમાં કુલ છ મેડલ જીત્યા હતા. આંચલ ગોયલે મહિલાઓના લેવલ બી ૪૦૦ મીટર રેસમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો અને રવિમતી અરુમુગમે મહિલા લેવલ સી ૪૦૦ મીટર રેસમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ગેમ્સમાં ભારતે ૭૬ ગોલ્ડ, ૭૫ સિલ્વર અને ૫૧ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. ભારતીય ટુકડીમાં ૧૯૮ એથ્લેટ્સ અને યુનિફાઈડ પાર્ટનર્સ હતા જેમણે ૧૬ રમતોમાં ભાગ લીધો હતો.

ભારતીય ખેલાડીઓ વિશે બોલતા સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત ચેરપર્સન મલ્લિકા નડાએ જણાવ્યું હતું કે, "અમારા વિશાળ સંખ્યામાં રમતવીરોએ વિવિધ સ્વરૂપોના સામાજિક ભેદભાવનો સામનો કર્યો છે અને વિવિધ ક્ષેત્રોમાં તેમને સમાજમાં બિન-કાર્યશીલ સભ્યો તરીકે માનવામાં આવે છે.

# વડિયા ખાતે ભાજપ સરકારનાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત કાર્યક્રમ યોજાયો




દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં કુશળ નેતૃત્વ અને દૂરદેશી નિર્ણયથી કેન્દ્રમાં ભાજપ સરકારના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં સફળ ૯ વર્ષ પૂર્ણ થવાનાં અનુસંધાને શરૂ કરાયેલ "અલ્પકાલિન વિસ્તારક યોજના" અન્વયે "ઘર ઘર સંપર્ક" અભિયાન અંતર્ગત અમરેલી વિધાનસભાના વડિયા સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે બુથ નંબર ૨૮નાં પ્રચારક તરીકે સ્ટીકર લગાવી લોકોને જનકલ્યાણની યોજનાઓ વિશે અવગત કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારે સેવા હેઠળ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ અંતર્ગત ઘરઘર સંપર્ક અભિયાન અંતર્ગત અલ્કાલિન વિસ્તારક યોજનાનો મંગળવારનાં રોજ વડિયા ગામે બુથ નંબર ૨૮ પર ઘર ઘર સંપર્ક કરીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી નવ વર્ષનાં સફળ સંચાલનની ઉજવણીનાં ભાગરૂપે ઘરે ઘરે પત્રિકા વિતરણ તેમજ સ્ટીકર લગાવીને અને ૯૦ ૯૦ ૯૦ ૨૦ ૨૪ પર મિસકોલ કરાવેલ હતો. આ તકે ગુજરાત સરકારનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા, અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલ ધોરાજીયા, અમરેલી વિધાનસભાનાં વિસ્તરક દિગ્વિજયસિંહ ગોહિલ અને વડિયા કુંકાવાવ તાલુકા ભાજપનાં હોદ્દેદારો કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

# શાળા મંજૂર થયા બાદ વર્ષોથી મકાન બનાવાતું ન હોવાથી પરેશાની

# ખાંભાનાં જામકા ગામે હનુમાનજી મંદિરનાં પટાંગણમાં શિક્ષણનું કાર્ય

**૨૩૦ જેટલા બાળકો શાળાનાં મકાનનાં અભાવે મંદિરનાં પટાંગણમાં શિક્ષણ મેળવવા મજબૂર**

**શાળા પ્રવેશોત્સવ જેવા સ્લોગનો વર્ષોથી સંભળાઈ રહ્યા હોય વાસ્તવિકતા અતિ દુઃખદાયક**

**અધિકારીઓ અને પદાધિકારીઓ સ્વર્ગ જેવી જીવનશૈલી જીવતા હોય વાસ્તવિકતાનો સ્વીકાર કરતા જ નથી**

**જયાં સુધી શિક્ષણ અને આરોગ્યની સેવા નહી સુધરે ત્યાં સુધી જીડીપી વધવાનો કોઈ અર્થ રહેતો નથી**



અમરેલી, તા. ૨૭ ગાંધીના ગુજરાતમાં શિક્ષણ પાછળ સરકાર કમર કસતી હોવાની સુફિયાણી વાતો વચ્ચે શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી જેવા સ્લોગનો સામે એક એવી શાળા કે જે સરકાર દ્વારા મંજૂર કર્યાના ૭ વર્ષના વાણા વીતી ગયા બાદ પણ ૨૩૦ જેટલા વિદ્યાર્થીઓને પંચમુખી હનુમાનજીના મંદિરના આશ્રમમાં બેસીને અભ્યાસ કરવાની મજબૂરી છે. અમરેલી જિલ્લાના ગીરના ગામડામાં અમરેલી એકસપ્રેસ દ્વારા આશ્રમમાં ચાલતી

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લા પંચાયત હસ્તકનું મકાન ઘણા વર્ષોથી બિસ્માર હાલતમાં

# અમરેલીનાં ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં આવેલ પથિકાશ્રમનું રીનોવેશન થવાની શકયતાઓ

**ભવિષ્યમાં સમગ્ર મકાનને જમીનદોસ્ત કરીને નવનિર્માણ થશે તેવું અનુમાન**



અમરેલી, તા. ૨૭

અમરેલીનાં સ્ટેશન રોડ પર આવેલ અને એક સમયે ધમધમતા જિલ્લા પંચાયત સંચાલિત પથિકાશ્રમનાં બિસ્માર બનેલ મકાનને દૂર કરીને તે જ સ્થળે નવું પથિકાશ્રમ બનાવવા માટે જિલ્લા પંચાયત ધ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

વર્ષો પહેલા પથિકાશ્રમમાં અનેક રાજકીય આગેવાનોનો ઉતારો રહેતો હતો તો સરકારી કર્મચારીઓ કે અન્ય કોઈ આમ આદમીને પણ રાહતદરે રહેવાની વ્યવસ્થા મળતી હતી. પરંતુ કાળક્રમે તેમાં સુવિધાનો વધાો ન થયો અને ક્રમશઃ તે મકાનની હાલત બિસ્માર બનતાં છેલ્લા ૨ દાયકાથી પથિકાશ્રમ સાવ બંધ કરી દેવામાં આવેલ છે.

અતિ મોકાનાં સ્થળે આવેલ પથિકાશ્રમનાં મકાનને જમીનદોસ્ત કરીને તે જ સ્થળે સુવિધાસભર પથિકાશ્રમ પુનઃ કાર્યરત કરવાની તૈયારી જિલ્લા પંચાયતનાં પદાધિકારીઓ ધ્વારા શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# વિમાનોની સંખ્યા વધે પરંતુ અશ્વોની સંખ્યામાં ઘટાડો થાય..!!



સમય બદલાઈ ત્યારે સઘળું બદલાઈ જાય છે. વર્ષો પૂર્વે ભારત વર્ષમાં રાજાશાહી, અંગ્રેજી શાસન, મોગલ સલ્તનતની બોલબાલા હતી. સમય જતાં લોકશાહી આવી લોકો વડે, લોકો માટે, લોકો દ્વારા અને લોકોથી ચાલતી એક અદ્ભુત સિસ્ટમ અમલમાં આવી જેને આપણે લોકશાહી કહીએ છીએ. એ લોકશાહીને પણ આજે પંચોતેર વર્ષ કરતાં વધુ સમય ગાળો થઈ ગયો. આ સંદર્ભે આપણે સહુ સાથે મળીને અમૃત મહોત્સવ પણ મનાવતાં જોવા મળ્યાં. આજે ખાસ તો વાત કરવી છે એ રાજાશાહી સમયે પ્રવર્તતી અશ્વોની સંખ્યા હાલ નહિવત જોવા મળે છે. અશ્વ એ યુધ્ધ અને સંદેશા વ્યવહાર માટે ખૂબ સમજદાર અને વિસનીય પ્રાણી ગણાતું. ચેતક અને અનેક અશ્વોની યુધ્ધ મેદાનમાં એની બહાદુરી, સમજદારી, અને સ્વામિભકિતની વાતો આજે પણ ઈતિહાસમાં અમર ગાથા સમાન છે. તેજીને ટકોરો એ કહેવત પણ લોકજીભે અવારનવાર ચડતી હોય છે. એ બાબત પણ અશ્વોની સેન્સિટીવિટી તરફ અંગુલિનિર્દેશ કરે છે. આમ અશ્વ એ એક અત્યંત શકિતશાળી અને સમજદાર પ્રાણી છે. હાલના બુલેટ ટ્રેનના સમય અને સંજોગોમાં અશ્વોની સંખ્યા દિન પ્રતિદિન ઘટતી જાય છે એ ખરેખર ચિંતાનો વિષય જ ગણાય. કયાંક એકલદોકલ ઓ જોવા મળે ત્યારે એ અશ્વોની સમજદારીને પ્રણામ કરવાનું મન થાય એ સ્વાભાવિક છે.

## પાલિકાનાં શાસકો માર્ગની માંગ પૂર્ણ કરતા નથી

# અમરેલીનાં હરિલાલપા વોર્ડમાં બિસ્માર માર્ગથી સ્થાનિકો પરેશાન

**વરસાદી માહોલમાં ઘરની બહાર નીકળવું મુશ્કેલ**



અમરેલી, તા. ૨૭, અમરેલીનાં હરિલાલપા વોર્ડમાં ઘણા મહિનાઓથી માર્ગ બનાવાતો નથી, ભૂગર્ભ ગટરનાં ખોદકામ બાદ ધ્યાન બાર અતિ બિસ્માર બની ગયો હોય તેવામાં વરસાદ પડતાં ઠેકઠેકાણે પાણી ભરાતા સ્થાનિકોને ઘર બહાર નીકળવાની મુશ્કેલી હોય પાલિકાનાં શાસકો યોગ્ય કરે તેવી માંગ ઉભી થઈ છે.


ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.


## શહેરમાં માસ-મટનનું વેંચાણ બંધ કરાવવા બદલ

# પાલિકાનાં કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવાનું એ.એચ.પી. દ્વારા થયું સન્માન

**ભવિષ્યમાં પણ આ પ્રકારે કામગીરી કરવા અનુરોધ કર્યો**

અમરેલી, તા. ૨૭

અમરેલી પાલિકાનાં કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવાએ શહેરમાં ગેરકાયદેસર રીતે ધમધમતી માંસ-મટનની દુકાનોમાં ચેકીંગ કરીને ફફડાટ ફેલાવ્યો હતો.

તેઓનાં કાર્યથી પ્રભાવિત થઈને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં આગેવાનોએ પાલિકાનાં કારોબારી ચેરમેનનું સન્માન કર્યું.



*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)